અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ માર્ચ ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૩ | અંક : ૨૩૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### બંગાળમાં વડાપ્રધાન મોદીની મોટી જાહેરાત

# ED એ જપ્ત કરેલી સંપત્તિ ગરીબોમાં વહેંચશે સરકાર

## હું કાયદાકીય સલાહ લઈ રહ્યો છું : હું ગરીબ લોકોના રૂપિયા ૩૦૦૦ કરોડ પરત કરવા માંગુ છું જેમણે લાંચ તરીકે પૈસા આપ્યા છે : વડાપ્રધાન મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે તેઓ પશ્ચિમ બંગાળમાં ગરીબો પાસેથી લૂંટાયેલા અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા જપ્ત કરાયેલા નાણાં લોકોને પરત કરવા માટે કામ કરી રહ્યા છે. પીએમ મોદીએ કૃષ્ણનગર લોકસભા મતવિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસના મહુઆ મોઈત્રા સામે પક્ષના ઉમેદવાર અને અગાઉના રાજવી પરિવારના સભ્ય અમૃતા રોય સાથે ટેલિફોનિક વાતચીતમાં આ વાત કહી. પીએમ મોદીએ રાજમાતા સાથે વાતચીતમાં કહ્યું, હું કાયદાકીય સલાહ લઈ રહ્યો છું. EDએ પશ્ચિમ બંગાળમાં ૩૦૦૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. આ ગરીબોના પૈસા છે. કોઈએ શિક્ષક બનવા માટે પૈસા ચૂકવ્યા, તો કોઈએ કારકુન બનવા માટે પૈસા ચૂકવ્યા. હું કાનૂની સલાહ લઈ રહ્યો છું. મારી ઈચ્છા છે કે નવી સરકાર બનતાની સાથે જ કાયદાકીય જોગવાઈઓ કરવી પડશે, નિયમો બનાવવા પડશે, હું ગરીબ લોકોના રૂપિયા ૩૦૦૦ કરોડના પૈસા પરત કરવા માંગુ છું જેમણે લાંચ તરીકે પૈસા આપ્યા છે. તમે લોકોને કહો કે, મેં મોદીજી સાથે વાત કરી છે, તેમણે કહ્યું છે કે બંગાળના લોકોએ વિશ્વાસ કરવો જોઈએ કે EDએ જે ૩૦૦૦ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે તે પરત કરવા માટે હું કોઈને કોઈ રસ્તો શોધી લઈશ.

### આ તેમના બેવડા ધોરણો છે પ્રથમ ૧૦૦ દિવસનો એજન્ડા તૈયાર રાખો



વડાપ્રધાન અને રોય વચ્ચેની વાતચીતની વિગતો આપતા, પક્ષના નેતાઓએ જણાવ્યું હતું કે વડા પ્રધાનનો અંદાજ છે કે રાજ્યમાં નોકરીઓ મેળવવા માટે લાંચ તરીકે આપવામાં આવેલી રકમ લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયા હતી. મોદીએ રોયને તેના વિશે લોકોને જણાવવાનું કહ્યું. તેમણે કહ્યું કે સત્તામાં પાછા ફર્યા બાદ તરત જ તેઓ લોકોના પૈસા પાછા મેળવવાનો રસ્તો શોધી લેશે. વડાપ્રધાને કહ્યું કે જો જરૂર પડશે તો કાયદાકીય વિકલ્પો પણ શોધવામાં આવશે. મોદીએ ભ્રષ્ટાચારના કેસમાં ED દ્વારા ધરપકડ કર્યા બાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ટેકો આપવા બદલ કોંગ્રેસ પર પ્રહારો કર્યા અને કહ્યું કે જેમણે આમ આદમી પાર્ટી વિરુદ્ધ ફરિયાદ કરી હતી તેઓએ હવે તેમનું વલણ બદલ્યું છે. જોકે તેણે કોઈનું નામ લીધું ન હતું. આ દર્શાવે છે કે તેમની પ્રાથમિકતા દેશ નહીં પરંતુ સત્તા છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભાજપની આગેવાની હેઠળનું ગઠબંધન યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે, ભ્રષ્ટાચાર મુક્ત દેશ માટે લડી રહ્યું છે જ્યારે તમામ ભ્રષ્ટાચારીઓ એકબીજાને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. માટે ભેગા થયા છે. રોય ૧૮મી સદીના સ્થાનિક રાજા કૃષ્ણચંદ્ર રોયના પરિવારના છે. ભાજપે તેમને ઉમેદવાર તરીકે જાહેર કર્યા પછી બ્રિટિશરોનું કથિત સમર્થન કરવા બદલ શાહી પરિવારને નિશાન બનાવનારાઓ પર પણ મોદીએ વળતો પ્રહાર કર્યો હતો. રોયે મોદીને કહ્યું કે તેમના પરિવારને 'દેશદ્રોહી' કહેવામાં આવે છે. તેમણે કહ્યું કે કૃષ્ણચંદ્ર રોયે લોકો માટે કામ કર્યું હતું અને 'સનાતન ધર્મ' બચાવવા માટે અન્ય રાજાઓ સાથે હાથ મિલાવ્યા હતા. આના પર મોદીએ રોયને કહ્યું કે આવા આરોપોથી પરેશાન ન થાઓ.

## જેટલો રોડ યુઝ કરશો તેટલો જ ટોલ કપાશે : નીતિન ગડકરી

### આ નવી સિસ્ટમ સેટેલાઇટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ હેઠળ સમય અને નાણાંની બચત કરી શકાશે

। (એજન્સી) નાગપુર, તા.૨૭ ।

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ટોલ ટેક્સને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ટોલ નાબૂદ કરવા જઈ રહી છે. બુધવારે (૨૭ માર્ચ, ૨૦૨૪) મહારાષ્ટ્રના નાગપુરમાં તેમણે કહ્યું – અમે ટોલ નાબૂદ કરવા જઈ રહ્યા છીએ. હવે આ કામ સેટેલાઈટના આધારે કરવામાં આવશે. અમે સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ દ્વારા આ કરીશું. પૈસા તમારા ખાતામાંથી સીધા જ કપાઈ જશે અને વ્યક્તિ જેટલા કિલોમીટરની મુસાફરી કરશે તેના આધારે ચાર્જ વસૂલવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં દાવો કર્યો કે આ નવી સિસ્ટમ (સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ) હેઠળ સમય અને નાણાંની બચત થશે. જો કે, પહેલા મહારાષ્ટ્રના



મુંબઈથી પુણે સુધીની મુસાફરીને પૂર્ણ કરવા માટે નવ કલાકનો સમય લાગતો હતો, પરંતુ હવે તે માત્ર બે કલાકમાં પૂર્ણ કરી શકાય છે. કેન્દ્રીય મંત્રીએ અગાઉ ૧૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ કહ્યું હતું કે મોદી સરકાર આગામી પાંચ વર્ષમાં તમામ ભારતીય શહેરોમાં અને દિલ્હી-શિમલા, દિલ્હી-ચંદીગઢ તેમજ મુંબઈ-પુણે જેવા કેટલાક લાંબા રૂટ પર ઈલેક્ટ્રિક બસો શરૂ કરવાની યોજના ધરાવે છે.

### ન્યૂઝ બ્રિફ

#### ગુજરાત ટાઈટન્સની ટીમ મોહમ્મદ શમીને મિસ કરે છે

। (એજન્સી) ચેન્નઈ, તા.૨૭ ।

ગુજરાત ટાઈટન્સના ફાસ્ટ બોલર મોહિત શર્માએ ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ ૬૩ રનથી હાર બાદ સ્વીકાર કર્યો કે મોહમ્મદ શમી જેવા બોલરની ભરપાઈ કરવી ખુબ મુશ્કેલ છે. ભારતનો મુખ્ય ફાસ્ટ બોલર શમી ઈજા બાદ સાજો થઈ રહ્યો છે અને આઈપીએલમાંથી બહાર થઈ ગયો છે. શમી બાંગ્લાદેશ વિરુદ્ધ ટેસ્ટ સિરીઝથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી શકે છે. તે ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ સિરીઝમાંથી પણ બહાર રહ્યો હતો.

## EDની કસ્ટડીમાં અરવિંદ કેજરીવાલની તબિયત લથડી, સુગર લેવલ ઠીક નથી

### કેજરીવાલના પત્નીએ કહ્યું કે કેજરીવાલને ડાયાબિટીસ છે, તેમનું મનોબળ મજબૂત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલમાં ઈડીની કસ્ટડીમાં છે જ્યાં તેમની તબિયત લથડી છે. સૂત્રોના કહેવા પ્રમાણે કેજરીવાલના લોહીમાં શુગરના લેવલમાં ઉતારચઢાવ આવી રહ્યો છે. છેલ્લે બ્લડ શુગરનું લેવલ ઘટીને ૪૬ પર આવી ગયું હતું જે ખતરનાક સ્થિતિ છે તેમ ડોક્ટરો જણાવે છે. કેજરીવાલના પત્ની સુનિતાએ એક વીડિયો જાહેર કરીને કહ્યું કે મંગળવારે સાંજે તેઓ જેલમાં પોતાના પતિને મળવા ગયા હતા. "અરવિંદ કેજરીવાલને ડાયાબિટીસ છે, સુગર લેવલ ઠીક નથી, પણ તેમનું મનોબળ મજબૂત છે. તેઓ સાચા દેશભક્ત,



નીડર અને હિંમતવાન વ્યક્તિ છે. તેમને હું લાંબા આયુષ્ય, આરોગ્ય અને સફળતાની શુભેચ્છા પાઠવું છું. કેજરીવાલે કહ્યું છે કે મારું શરીર જેલમાં છે. પરંતુ, મારો આત્મા તમારા બધાની વચ્ચે છે. તમે તમારી આંખો બંધ કરશો, તો તમે મને તમારી આસપાસ અનુભવશો." સુનિતા કેજરીવાલે એમ પણ કહ્યું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અત્યાર સુધી દરોડા પાડ્યા તેમાં એક પૈસો પણ મળ્યો નથી. કેજરીવાલ ૨૮ માર્ચે કોર્ટમાં કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં 'મોટો ખુલાસો' કરશે તેમ પણ સુનિતાએ કહ્યું હતું. આમ આદમી પાર્ટી (AAP)ના કેજરીવાલની ED દ્વારા ૨૧ માર્ચે એક્સાઈઝ પોલિસીમાં ગોટાળા અને મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સુનિતા કેજરીવાલે કહ્યું કે અમારા ઘર પર દરોડામાં ઈડીને કોઈ રકમ નથી મળી. આપના અન્ય નેતાઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન પર દરોડા પાડવામાં આવ્યા તેમાં પણ કોઈ રૂપિયા મળ્યા નથી

## લોકસભા ચૂંટણી માટે શિવસેના-(UBT)ની પહેલી યાદી જાહેર

### શિવસેનાએ અમોલ કીર્તિકરને જ્યાંથી કોંગ્રેસ નેતા સંજય નિરુપમ ટિકિટ માંગી રહ્યા હતા ત્યાંથી ટિકિટ આપી છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ તમામ રાજકીય પક્ષો પોતપોતાની તૈયારીઓ કરી રહ્યા છે. તમામ પક્ષો ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કરી રહ્યા છે. હવે આ યાદીમાં શિવસેના (UBT)નું નામ પણ જોડાઈ ગયું છે. વાસ્તવમાં, પાટીએ મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણી માટે ૧૬ ઉમેદવારોની જાહેરાત કરી છે. શિવસેનાએ અમોલ કીર્તિકરને જ્યાંથી કોંગ્રેસ નેતા સંજય નિરુપમ ટિકિટ માંગી રહ્યા હતા ત્યાંથી ટિકિટ આપી છે. શિવસેનાએ બુલઢાણાથી નરેન્દ્ર ખેડકર, દક્ષિણ મુંબઈથી અરવિંદ સાવંત, પરભણી લોકસભા બેઠક પરથી સંજય જાધવ, યવતમાલ વાશિમથી સંજય દેશમુખ, સાંગલીથી ચંદ્રહર પાટીલ અને હિંગોલી બેઠક પરથી નાગેશ પાટીલને મેદાનમાં ઉતાર્યા છે. આ ઉપરાંત સંભાજીનગરથી ચંદ્રકાંત ખૈરે, ધારશિવ બેઠક પરથી ઓમરાજ નિમ્બાલકર, શિરડીથી ભાઈસાહેબ વાઘચૌરે, નાશિકથી રાજાભાઈ વાજે, રાયગઢથી અનંત ગીતે, સિંધુદુર્ગ રત્નાગિરીથી વિનાયક રાઉ અને થાણેથી રાજન વિચારેને ટિકિટ મળી છે. જ્યારે, મુંબઈ પૂર્વથી સંજય દિના પાટીલ અને પશ્ચિમ મુંબઈથી અમોલ કાર્તિકર પક્ષના ઉમેદવાર હશે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માહિતી આપી

## જમ્મુ-કાશ્મીરમાંથી ટૂંકમાં જ હટાવવામાં આવશે AFSPA

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

મોદી સરકાર જમ્મુ-કાશ્મીરમાંથી આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર એક્ટ એટલે કે AFSPA હટાવવાની યોજના બનાવી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ માહિતી આપી છે. એક મીડિયા ગ્રુપને આપેલા એક ઈન્ટરવ્યુમાં શાહે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાંથી સેના પાછી ખેંચી લેવામાં આવશે અને



અહીંની કાયદો અને વ્યવસ્થા જમ્મુ-કાશ્મીર પોલીસને સોંપવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી આપણા સૈનિકોને પાછી ખેંચી લેવા અને કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસ પર છોડી દેવાનું વિચારી રહી છે. તેમણે કહ્યું કે પહેલા જમ્મુ અને કાશ્મીર પોલીસ પર ભરોસો ન હતો પરંતુ આજે તેઓ કેન્દ્રીય દળ સાથે મળીને ચાલી રહ્યા છે. આતંકવાદ વિરોધી કામગીરીમાં અગ્રણી કામગીરી કરી રહ્યા છે.

## લોકપ્રિય વિડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ YouTubeની વિશ્વમાં મોટી કાર્યવાહી

### સૌથી વધુ અસર ભારતમાં જોવા મળી હતી જ્યાં YouTube પરથી ૨૨.૫ લાખથી વધુ વીડિયો દૂર કરવામાં આવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

લોકપ્રિય વિડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ YouTube એ સમગ્ર વિશ્વમાં મોટી કાર્યવાહી કરી છે અને ૯૦ લાખથી વધુ વીડિયો દૂર કર્યા છે. સૌથી વધુ અસર ભારતમાં જોવા મળી હતી જ્યાં YouTube પરથી ૨૨.૫ લાખથી વધુ વીડિયો દૂર કરવામાં આવ્યા હતા. ગૂગલે યુટ્યુબની કોમ્યુનિટી ગાઈડલાઈન્સનું ઉલ્લંઘન કરતા વીડિયો સામે આ કાર્યવાહી કરી છે. આ આંકડા ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ વચ્ચેના છે. કંપનીએ એક બ્લોગ પોસ્ટમાં વીડિયોને હટાવવાની માહિતી આપી છે.

ગૂગલના ટ્રાન્સપરન્સી રિપોર્ટ મુજબ ગયા વર્ષે ઓક્ટોબર અને ડિસેમ્બર દરમિયાન કુલ ૩૦ દેશોમાંથી સૌથી વધુ વીડિયો ભારતમાંથી હટાવવામાં આવ્યા હતા. આ પછી બીજા સ્થાને સિંગાપુર છે. જ્યાં ૧૨.૪ લાખ વીડિયો પર કાર્યવાહી કરવામાં આવી હતી. અમેરિકા ૭.૮ લાખ વીડિયો સાથે ત્રીજા સ્થાને છે. આ વીડિયોને YouTube ના સમુદાય દિશાનિર્દેશોનું ઉલ્લંઘન કરવા બદલ દૂર કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મે તેની પોસ્ટમાં જણાવ્યું છે કે મશીન લર્નિંગ અને હ્યુમન રીવ્યૂર્સ દ્વારા પોલીસી લાગુ કરવામાં આવે છે. જો સમુદાય દિશાનિર્દેશોના ઉલ્લંઘનને કારણે વિડિઓ દૂર કરવામાં આવે છે, તો તે સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે. એટલે કે તમે દુનિયાના કોઈપણ ભાગમાં તે વીડિયો જોઈ શકશો નહીં. ૩૦ દેશોની યાદીમાં ઈરાક ૪૧,૧૭૬ વીડિયો રિમૂવલ સાથે છેલ્લા સ્થાને છે. યુટ્યુબના રિપોર્ટ અનુસાર ૫૧.૫૧ ટકા વીડિયો ત્યારે જ દૂર કરવામાં આવ્યા જ્યારે કોઈએ તેને જોયો ન હતો એટલે કે તેને શૂન્ય વ્યૂઝ મળ્યા હતા. ૧ થી ૧૦ વ્યુઝ સાથેના વીડિયોનો ભાગ ૨૬.૪૩ ટકા હતો. આ સિવાય ૧.૨૫ ટકા એવા વીડિયો હતા જેને ૧૦,૦૦૦થી વધુ વ્યૂઝ મળ્યા હતા.

સૌથી વધુ સંખ્યામાં હાનિકારક અને ખતરનાક વીડિયો ડિલીટ કરવામાં આવ્યા છે. આ કેટેગરીમાં કુલ ડિલીટ થયેલા વીડિયોમાં ૩૯.૨ ટકા હિસ્સો છે.



ધ્રાંગધ્રા પોલીસના નકલી કોલ સેન્ટર પર દરોડા

# સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર ચાલતું એક મોટુ કોલ સેન્ટર પકડાયું

## પોલીસે ૩ લેપટોપ, ૧ કોમ્પ્યુટર, ૪ મોબાઇલ અને એક કાર સહિત કુલ ૬.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

। (એજન્સી) ધ્રાંગધ્રા, તા.૨૭ ।

રાજ્યમાં ગુનાખોરીની પ્રવૃત્તિ દિવસે દિવસે વધી રહી છે, સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસે એક મોટી રેડ કરીને ફરી એકવાર ગેયકાયદેસર ચાલતુ કૉલ સેન્ટર ઝડપી પાડ્યુ છે. પોલીસે બાતમીને આધારે દરોડા પાડતાં જ સ્થળ પરથી બે મહિલાઓ અને બે પુરુષોને ઝડપી પાડ્યા, આ દરમિયાન તેમની સાથે લાખોના મુદ્દામાલને પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ સમગ્ર કૉલ સેન્ટર સુરેન્દ્રનગરના હીરાપુરમાં એક ફાર્મ હાઉસમાં ચાલી રહ્યું હતુ. હાલમાં ગુનો નોંધી ધ્રાંગધ્રા પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર ચાલતુ એક મોટુ કૉલ સેન્ટર પકડાયુ છે. પોલીસે બાતમીના આધારે દરોડાની કાર્યવાહી કરી હતી, જેમાં બે મહિલા અને બે પુરુષો સહિત લાખોના મુદ્દામાલને જપ્ત કરવામાં આવ્યો હતો. ઘટનાની વિગતો એવી છે કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા તાલુકાના હીરાપુર ગામની સીમમાં આવેલા એક ફાર્મ હાઉસમાં આ ગેરકાયદેસર કૉલ સેન્ટર ચાલી રહ્યું હતુ, પોલીસને બાતમી મળતાં જ ધ્રાંગધ્રા પોલીસે આ ગેરકાયદેસર કૉલ સેન્ટર પર દરોડા પાડ્યા હતા, આ દરમિયાન સ્થળ પરથી બે મહિલા અને બે પુરુષોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. સ્થળ પરથી પોલીસે ૩ લેપટૉપ, ૧ કૉમ્પ્યુટર, ૩ આઈફોન, ૧ એન્ડ્રોઈડ મોબાઈલ અને એક કાર સહિત કુલ ૬.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર મામલામાં ધ્રાંગધ્રા પોલીસે કુલ પાંચ આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો, જેમાં બે મહિલા અને બે પુરુષ સાથે અન્ય એક ફરાર આરોપી સામેલ છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

નીતિન પટેલે વિરોધીઓ પર ચાબખા માર્યા

# ઘરમાં બૈરૂ પાણી પણ નથી પીવડાવતું તે અમને સલાહ આપે છે : નીતિન પટેલ

## વિશ્વની મોટી કંપનીઓ આજે ભારતમાંથી રમકડાં ખરીદી રહી છે, ગુજરાત દેશમાં આ ઉદ્યોગનું હબ બની રહ્યું છે

। (એજન્સી) મહેસાણા, તા.૨૭ ।

મહેસાણા ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ માં ઉમિયા દિવ્ય રથ પરિભ્રમણ કાર્યક્રમને લઈ એક સભાનું આયોજન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકો ઉમટ્યા હતાં. **Nitin Patel:** ભાજપના દિગ્ગજ નેતા અને રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ફરી એકવાર શબ્દ બાણ છોડ્યા છે.



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનનાં ઉમિયા દિવ્ય રથ પરિભ્રમણ કાર્યક્રમ પર નીતિન પટેલે વિરોધીઓ પર ચાબખા માર્યા હતા. પાટીદાર આગેવાનોની ઉપસ્થિતિમાં નીતિન પટેલે જાહેર મંચ પરથી સલાહ આપતા નેતાઓને આડેહાથ લીધા છે. નીતિન પટેલે કહ્યું ધારાસભ્ય હતો ત્યારે ગમે તે મને સલાહ આપતા... "જેના ઘરમાં બૈરૂ પાણી પણ નથી પીવડાવતું તે અમને સલાહ આપે છે..." આવા નેતાઓને સલાહ આપવાનું બંધ કરવા નીતિન પટેલે સ્પષ્ટ સૂચના આપી છે. ન માત્ર નીતિન પટેલ પણ વિશ્વ ઉમિયાધામના આર.પી. પટેલે પણ કહ્યું કે લોકો અમને સલાહ આપે છે તે પહેલા પોતાનું ભલું કરે અને અમને સલાહ આપવાનું બંધ કરે. મહેસાણા ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ માં ઉમિયા દિવ્ય રથ પરિભ્રમણ કાર્યક્રમને લઈ એક સભાનું આયોજન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકો ઉમટ્યા હતાં. આ કાર્યક્રમમાં વિશ્વ ઉમિયાધામનાં પ્રમુખ આર પી પટેલ, ભાજપ નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

આ મંચ ઉપરથી નીતિન પટેલે ફરી એકવાર શબ્દોમાંછોડ્યાહતા.જાહેર મંચઉપરથી નીતિનભાઈ પટેલે નિવેદન આપ્યું હતું કે અમને સલાહ આપવાનું બંધ કરો જેના ઘરમાં પત્ની પાણીનો ગ્લાસ નથી પીવડાવતી તે અમને આવી સલાહ આપે છે. તો બીજી તરફ આર પી પટેલે પણ કહ્યું હતું કે લોકો અમને સલાહ આપે છે તે પહેલા પોતાનું ભલું કરે અમને સલાહ આપવાનું બંધ કરે. જોકે સવાલ એ થાય છે કે આ બંને પાટીદાર નેતા ને સલાહ કોણ આપે છે એબીપી અસ્મિતા જ્યારે તેમને પૂછ્યું ત્યારે બંને આ મુદ્દે ગોળ ગોળ જવાબ આપ્યો હતો.

## અમદાવાદમાં બુટલેગરનાં પુત્રએ પોલીસ પર હુમલો કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં સલામતીને લઈને ફરી એક વખત સવાલો ઉઠ્યા છે. શહેરમાં અસામાજિક તત્વો અને બુટલેગરો બેફામ બન્યા હોય અને વિસ્તારમાં પોલીસની કોઈ ધાક જ નો હોય તેમ પોલીસ પર જ હુમલો થયાની ઘટના સામે આવી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા બાપુનગરના ગરીબનગર ચાર રસ્તા પાસે ગઈકાલે મોડી રાત્રે કેટલાક લોકો ટોળું વળીને ઉભા હતા. જે સમયે બાપુનગર પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઇ ડી.ડી.પ્રજાપતિ અને તેમનો સ્ટાફ ત્યાંથી પસાર થયા હતા.

# લગનગાળો અને ઉનાળો આવતા રેલવે વિભાગે નિયમમાં કર્યો બદલાવ

। ભાવનગર, તા.૨૭ ।

હાલ એક તરફ ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે. તો બીજી તરફ લગ્નગાળો પણ શરૂ થઈ ચુક્યો છે. કોઈ વેકેશનમાં જવાની તૈયારી કરી રહ્યું છે. તો કોઈ લગ્નગાળામાં વ્યસ્ત છે.

આવી સ્થિતિમાં રેલવેના મુસાફરોની સંખ્યામાં વધારો થતો હોય છે. જો તમે પણ રેલવેમાં મુસાફરીનો પ્લાન કરી રહ્યાં હોવ તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના બની શકે છે. કારણકે, ઉનાળામાં મોટી સંખ્યામાં લોકો રેલવેમાં પ્રવાસ કરતા હોય છે. ત્યારે ઘણાં મુસાફરોને ગાડીઓ ઓછી હોવાને કારણે, ટ્રેનની ફ્રિકવન્સી ઓછી હોવાને કારણે વેઈટિંગમાં બેસી રહેવાનો વારો આવે છે. કાંતો પછી ઘણાં મુસાફરો કંટાળીને રેલવેની સસ્તી મુસાફરીને બદલે ટ્રાવેલ્સની મોંઘી મુસાફરીમાં જવાનો વિકલ્પ પસંદ કરે છે.

ઉનાળાની રજાઓ અને લગ્નની સીઝન શરૂ થઈ રહી છે. ત્યારે ટ્રેનમાં મુસાફરોની ભીડ જોવા મળી રહી છે. ત્યારે ભીડને ધ્યાનમાં રાખીને ભાવનગર રેલવે ડિવિઝનથી દોડતી પાંચ જોડી ટ્રેનોની ફ્રિકવન્સી જૂન મહિના સુધી લંબાવવામાં આવી છે. જેને કારણે મુસાફરોને પડતી અગવડતા દૂર થશે. સાથે જ મુસાફરોને પ્રાઈવેટમાં મોંઘી મુસાફરી નહીં કરવી પડે.

**આ ટ્રેનોમાં કરવામાં આવ્યો મોટો બદલાવ**

૧. ટ્રેન નંબર ૦૯૫૩૦ ભાવનગર-ધોલા ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે અને ટ્રેન નંબર ૦૯૫૨૯ ધોલા-ભાવનગર ટ્રેન ૩૦.૦૬.૨૦૨૪ સુધી ચાલશે.

૨. ટ્રેન નંબર ૦૯૨૧૩/૦૯૨૧૪ બોટાદ-ધ્રાંગધ્રા-બોટાદ ડેમુ ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે.

૩. ટ્રેન નંબર ૦૯૨૧૨/૦૯૨૧૧ બોટાદ-ગાંધીગ્રામ-બોટાદ ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે.

૪. ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ સ્ટેશનથી દર શુક્રવારે ચાલતી બાંદ્રા-ભાવનગર સાપ્તાહિક ટ્રેન ૨૮.૦૬.૨૦૨૪ સુધી ચાલશે.

૫. ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા સાપ્તાહિક ટ્રેન જે દર ગુરુવારે ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી દોડે છે તે ૨૭.૦૬.૨૦૨૪ સુધી ચાલશે.

૬. ટ્રેન નંબર ૦૯૨૧૬/૦૯૨૧૫ ભાવનગર-ગાંધીગ્રામ-ભાવનગર ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે.

ઉનાળાની રજાઓ અને લગ્નની સીઝનમાં ટ્રેનોમાં ભીડને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ ભાવનગર રેલવે ડિવિઝનમાંથી દોડતી ૫ જોડી ટ્રેનોની ફ્રિકવન્સી જૂન મહિના સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

પહેલા સમય મર્યાદા માર્ચ ૨૦૨૪ તરીકે નક્કી કરવામાં આવી હતી. ભાવનગર ડિવિઝનના સીનિયર અધિકારીએ આ માહિતી આપી હતી.



મેમનગર લેકની પાસે એએમસી દ્વારા રોડ અને ડ્રેનેજનું કામ ચાલી રહેલ છે.

દાહોદના કોંગ્રેસના ઉમેદવાર પણ ઝૂમી ઉઠ્યા

# આદિવાસીઓના મેળામાં ઉમટ્યું માનવ મહેરામણ

## ચાડિયાના મેળામાં આદિવાસીઓ એકત્ર થઈને ઢોલના તાલે નાચગાન કરી મસ્તીમાં ઝૂમતા દેખાયા હતા

। (એજન્સી) દાહોદ, તા.૨૭ ।

ધાનપુરમાં યોજાયેલા ચાડિયાના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યું હતુ. ધુળેટીના બીજા દિવસે એકમના રોજ ધાનપુરમાં આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતો ચાડિયાનો મેળો ભરાયો હતો. આ મેળામાં માનવ મેરામણ ઉમટી પડ્યું હતુ. જેમા આદિવાસી માંદલ અને વાજિંત્રો પર લોકો તેમજ કોંગ્રેસના સાંસદના ઉમેદવાર ડો. પ્રભાબેન તાવિયાડ ઝૂમી ઉઠ્યા હતા. અહીં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં આદિવાસી સમુદાયના લોકો પહોંચતા કીડિયારું ઉભરાયું હતુ. આ મેળાની એક રસપ્રદ પરંપરાને પણ આજે આપ ણે જાણીએ. આ ચાડિયાના મેળામાં માનવ પ્રતિકૃતિ જેવી ચાડિયાની આકૃતિ તૈયાર કરવામાં આવી હતી. આ ચાડિયાની પ્રતિકૃતિ લાકડાના ટુકડામાંથી બનાવવામાં આવી હતી. તેના હાથ પગ વગેરે પર કપડું વીંટાળી તેની ટોચ પર નાળિયેર મૂકવામાં આવે. જેથી તે માનવીના માથા જેવું લાગે છે. જે પ્રતિકૃતિને સ્થાનિક લોકો ચાડિયા તરીકે ઓળખાય છે. આ ચાડિયાને ઝાડની ટોચ પર રાખી એક વ્યક્તિને પસંદ કરીને તેને ચાડિયો છોડવાનું કહેવામાં આવે છે. વ્યક્તિ જ્યારે ઝાડ પર ચઢે છે ત્યારે તેને સ્ત્રીઓ લાકડીથી માર મારે છે. તેમ છતાં જે વ્યક્તિ ચાડિયાની પ્રતિકૃતિને છોડવામાં સફળ થાય છે. તેને તે કપડાં લઈ જવાનું કહેવામાં આવે છે. એમાંથી વસ્ત્રો બનાવવાનું કહે છે. આદિવાસીઓમાં ખાસ કરીને ભીલો આ કપડાંને એકત્ર કરે છે. આજરોજ યોજાયેલા આ ચાડિયાના મેળામાં આદિવાસીઓ એકત્ર થઈને ઢોલના તાલે નાચગાન કરી મસ્તીમાં ઝૂમતા દેખાયા હતા. જેમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં આદિવાસી સમુદાયના લોકો પહોંચતા કીડિયારું ઉભરાયુ હતુ. અત્રે ઉલ્લેખની છે કે, આ ચાડિયાનો મેળો દાહોદ જિલ્લાના ધાનપુર, દેવગઢ બારિયા તાલુકાના દભવા, સાગતાલા તેમ જ જિલ્લાના અન્ય સ્થળોએ આ લોકમેળો ભરાય છે. જેમાં આદિવાસી સમાજના લોકો પરંપરાગત આભૂષણો અને પરિધાનમાં સુસજ્જ થઈ પરંપરાગત ઢોલ માંદલ તેમજ વાજિંત્રો પર ભારે હર્ષો ઉલ્લાસ સાથે મોજ મજા માણતા જોવાયા હતા.

# તાલાલાની કેસર કેરીનું આગમન થઈ ગયું

। (એજન્સી) અમરેલી, તા.૨૭ ।

સમગ્ર ગુજરાતમાં અને દેશમાં ગીર સોમનાથ જિલ્લાની તાલાલાની કેસર કેરી ખૂબ જ પ્રખ્યાત છે. કેસર કેરી એ સૌરાષ્ટ્રની શાન પણ ગણવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં મોટાભાગના વિસ્તારોમાં કેસર કેરીનું ઉત્પાદન થાય છે અને જેની નિકાસ વિદેશ સુધી કરવામાં આવે છે. આ વર્ષે ઉનાળાની સીઝનની શરૂઆત થઈ ગઈ છે અને તાલાલા ગીરની કેસર કેરી માર્કેટમાં આવી ગઈ છે. હાલ ૫ કિલોનો ભાવ ૨,૦૦૦ રૂપિયા બોલાય છે. તાલાલાના સ્થાનિક વેપારીએ જણાવ્યું કે, ચાલુ વર્ષે કેરીની સીઝન શરૂ થઈ છે અને હજુ અનેક વિસ્તારોમાં કેસર કેરીની આવક શરૂ થઈ નથી. પરંતુ આગોતરા પાકની કેસર કેરીની આવક શરૂ થઈ છે. હાલ જાહેર માર્કેટમાં ૨૦૦૦ રૂપિયાની પાંચ કિલો કેરીનો ભાવ બોલાય છે અને મોટી સંખ્યામાં પર્યટકો કેસર કેરીની ખરીદી પણ કરે છે. સ્થાનિક વેપારીએ વધુમાં જણાવ્યું કે, કેસર કેરીની સાથે હાફૂસ કેરીની આવક પણ શરૂ થઈ છે અને તાલાલા વિસ્તારમાં ૧૫૦૦ રૂપિયાની પાંચ કિલો હાફૂસ કેરીનો ભાવ બોલાવી રહ્યો છે અને હાફૂસ કેરી પણ માર્કેટમાં આવી છે. ચાલુ વર્ષે સીઝનમાં આંબામાં ફ્લાવરિંગ ખૂબ મોડું આવ્યું છે અને ફ્લાવરિંગ લેટ આવવાના કારણે કેસર કેરીના ભાવમાં પણ વધારો થયો છે.

# અમદાવાદ એરપોર્ટથી થાઈલેન્ડ, સાઉદી અને મલેશિયાની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

સમર વેકેશનમાં વિદેશ ફરવા જવાનું પ્લાન કરતા હોવ તો એક સારા સમાચાર સામે આવ્યા છે. મિડલ - ઈસ્ટ એશિયાનાં કેટલાક દેશોમાં અમદાવાદથી ડાયરેક્ટ ફ્લાઈટની સર્વિસ શરૂ કરવામાં આવી છે. આનું મુખ્ય કારણ સમર વેકેશન પણ ગણવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ગુજરાતીઓ મોટાભાગે થાઈલેન્ડ ફરવા જવાનું પ્લાન કરે છે. તેવામાં આની સાથે અન્ય કેટલાક ડેસ્ટિનેશનની ડાયરેક્ટ ફ્લાઈટનું શેડ્યૂલ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિલિસ એવિએશને સમર શેડ્યૂલ જાહેર કરી દીધું છે જે ૩૧ માર્ચથી ૨૬ ઓક્ટોબર સુધી કાર્યરત રહેશે. આમાં વિવિધ ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશનની ડાયરેક્ટ ફ્લાઈટની સુવિધાઓ અને તેની યાદી પ્રદર્શિત કરવામાં આવી છે. જેમાં બેંગકોક, કુઆલા લુમ્પુર અને જેદાહનો સમાવેશ થયો છે. ઉલ્લેખનીય છે કે આનાથી ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીમાં પણ બૂકિંગનો ધમધમાટ શરૂ થાય એ પહેલા જાહેરાત કરી દેવાઈ છે. ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોએ કહ્યું કે આનાથી કનેક્ટિવિટીને વધુ વેગ મળશે. ટ્રાવેલ ડેસ્ટિનેશનની વાત કરીએ તો ૩૬ જેટલા આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક સ્થળો સીધા **SVPI** એરપોર્ટ સાથે જોડાશે. ઉનાળાનાં વેકેશનને ધ્યાનમાં રાખીને ભારતીય અને ખાસ કરીને ગુજરાતીઓ તો થાઈલેન્ડ જવાનું પહેલા પ્રિફર કરે છે. તેવામાં થાઈ એર દ્વારા થાઈલેન્ડમાં બેંગકોક જતી સાપ્તાહિક ફ્લાઈટ્સની જે સંખ્યા છે તેમાં પણ વધારો કરે એવી અપેક્ષા જણાઈ રહી છે. બીજી બાજુ જોવા જઈએ તો એર ઈન્ડિયા એક્સપ્રેસ પણ બેંગકોક માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરશે એવી અપેક્ષા જણાવાઈ રહી છે.

વિશેષ

## લાલ બટન દબાવતા જ વીડિયો કોલ પર કંટ્રોલ રૂમમાં ફરિયાદ લેવાશે અને પોલીસ એક્શન મોડમાં આવી જશે

# અમદાવાદમાં ગુનાઈત પ્રવૃત્તિઓનું પ્રમાણ ઘટાડવા બજારોમાં લાલ બટન વાળા ૮૨ બોક્સ લગાવાયા

અમદાવાદમાં દિનપ્રતિદિન ગુનાઈત પ્રવૃત્તિઓનું પ્રમાણ વધી રહ્યું છે. ખાસ કરીને એકલદોલક ફરતા યગલો, પ્રેમી પંખિયાઓ અને એકલી યુવતી કે મહિલાઓને બનાવવામાં આવે છે ટાર્ગેટ. રસ્તે રખડતાં રોમિયો, ચોર, લૂંટારુંઓ અને બદ ઈરાદો રાખીને બેઠેલાં હવસખોરો પર સકંજો કસવા માટે પોલીસ અને સુરક્ષા વિભાગે નવો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ખાસ કરીને અમદાવાદ શહેરમાં હાઈ સિક્યોરિટી પોઈન્ટ નક્કી કરવામાં આવ્યાં છે. જે સ્થળો પર પબ્લિક અને યુગલોની અવરજવર વધારે હોય અને તેવા સ્થળોએ ખાસ કરીને શાળા-કોલેજો, બસ સ્ટેન્ડ અને બજારોમાં ૮૨ બોક્સ લગાવાયા છે. લાલ બટન દબાવતા જ વીડિયો કોલ પર કંટ્રોલ રૂમમાં ફરિયાદ લેવાશે અને પોલીસ એક્શન મોડમાં આવી જશે. હાલ અમદાવાદમાં આ પાયલટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી રહી છે. ધીરે ધીરે આખા ગુજરાતમાં આ પ્રોજેક્ટ અમલી બની શકે છે. ઉલ્લખેનીય છેકે, ક્રાઈમ રેટ વધુ હોય




તેવા વિસ્તારોમાં કોલ બોક્સ લગાવવામાં આવ્યાં છે. ખાસ કરીને અમદાવાદના લો ગાર્ડન જેવા માર્કેટોમાં સિસ્ટમ લગાવાશે. રોડ પર તકલીફમાં મુકાયા હોવ તો ઈમર્જન્સી કોલ બોક્સનું લાલ બટન દબાવો, પોલીસ તુરંત આવશે. 'તમને જાહેર રોડ પર રોમિયો, ચોર- લૂંટારા કે ગુંડાઓ હેરાન કરે તો રસ્તા પર જોવા મળતા ઈમર્જન્સી બોક્સનું લાલ બટન દબાવો, પોલીસ તમારી પાસે પહોંચી જશે' શહેર પોલીસે મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની સુરક્ષા માટે શાળા-કોલેજો, બસ સ્ટેન્ડ અને બજારોમાં ૮૨ જેટલા ઈમર્જન્સી કોલ બોક્સ લગાવ્યા છે. શહેરીજનોની મદદ માટે આવા બીજા ૧૨૦થી વધુ કોલ બોક્સ લગાવવાની કામગીરી ચાલી રહી છે. આ બોક્સમાં લાગેલું લાલ બટન દબાવવાથી સીધો જ પોલીસ કંટ્રોલરૂમમાં તમારો વીડિયો કોલ જશે અને ફરિયાદ લેવામાં આવશે. આ દરમિયાનમાં નજીકના પોલીસ સ્ટેશનની જાણ કરી જે તે વ્યક્તિની મદદ માટે પોલીસ મોકલવામાં આવશે. અમદાવાદ શહેરમાં આવા ૨૦૫ જેટલા ઈમર્જન્સી કોલ બોક્સ લગાવવાની યોજના ચાલી રહ્યાનું સિનિયર આઈપીએસ અધિકારીઓ જણાવી રહ્યા છે. અમદાવાદ સ્પેશિયલ બાંચના જોઈન્ટ પોલીસ કમિશનએ જણાવ્યું હતું કે, 'મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની સુરક્ષા માટે નિર્ભયા પ્રોજેક્ટ અંર્તગત ૨૦૫ જેટલા ઈમર્જન્સી કોલ બોક્સ લગાવવાની યોજના છે. ખાસ કરી શાળા-કોલેજો, બસ સ્ટેન્ડ, સંવેદનશીલ વિસ્તાર અને માર્કેટ (ભીડભાડ રહેતી હોય તેવી જગ્યા)માં આ કોલ બોક્સ લગાવવાનો નિર્ણય લેવાયો છે. ભોગ બનનાર વ્યક્તિએ કોલ ખોક્સમાં લાગેલું લાલ બટન દબાવવાનું રહેરો. આ બટન દબાવતા જે તે વ્યક્તિનો વીડિયો કોલ કંટ્રોલરૂમમાં લાગશે અને તુરંત જ તેઓ પાસેથી વિગતો જાણીને સ્થાનિક પોલીસને સ્થળ પર પહોંચવા સૂચના અપાશે. જે વિસ્તારોમાં કાઈમ રેટ વધુ હોય તેવા તેમજ સંદવેનશીલ ગણાતા હોય તેવા વિસ્તારોમાં મોટા પાયે ઈમર્જન્સી કોલ બોક્સ વધુ સંખ્યામાં લગાવવામાં આવ્યા છે. પોલીસની મદદ માંગનાર વ્યક્તિને કંટ્રોલરૂમનો ફોન વ્યસ્ત આવતો હોવાની વગેરે સમસ્યાનો ભોગ ના બનવું પડે તેવું આયોજન કરાયું છે. શહેરમાં ભીડભાડ રહેતી હોય તેવા લો ગાર્ડન સહિતના માર્કેટોમાં આ સિસ્ટમ લગાવવાની યોજના પોલીસે બનાવી છે. ભીડભાડવાળા બજારોમાં ચોર, લૂંટારા સક્રીય રહીને લોકોના પર્સ તેમજ સોનાના દાગીના લૂંટી ફરાર થઈ જતા હોવાનો અનેક બનાવો બને છે. આ ઉપરાંત મહિલાઓ, યુવતીઓની છેડતીના બનાવો પણ બજારોમાં બનતા હોવાના અનેક બનાવો બન્યા છે. જે બાબતોને ધ્યાને લઈને ભીડભાડવાળી જગ્યાઓને પસંદ કરવામાં આવી છે.

**ન્યૂઝ બ્રિફ**

## BJPમાં જોડાવા ૨૦થી ૨૫ કરોડ રૂપિયાની ઓફરી મળી

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૭ ।

આમ આદમી પાર્ટીએ ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે. પંજાબમાં, આમ આદમી પાર્ટી (AAP) ના ત્રણ ધારાસભ્યોએ એક પ્રેસ કોન્ફરન્સ કરી અને દાવો કર્યો કે ભાજપમાં જોડાવાના બદલામાં તેમને ૨૦-૨૫ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. આ વખતે AAPએ પ્રેસ કોન્ફરન્સમાં ફોન કરનાર વ્યક્તિનું નામ અને નંબર પણ જાહેર કર્યો છે. તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા આમ આદમી પાર્ટીએ ભાજપ પર દિલ્હીના ધારાસભ્યોને તોડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. ભાજપે આ મામલે દિલ્હી પોલીસને ફરિયાદ કરી હતી. આ પછી દિલ્હી પોલીસે AAPને નોટિસ પાઠવી હતી. બીજી તરફ, પ્રેસ કોન્ફરન્સ દરમિયાન AAP ધારાસભ્ય જગદીપ કંબોજે કહ્યું, જે બાબતોનો ડર હતો તે થઈ રહ્યું છે. જ્યાં પણ AAPની સરકાર છે ત્યાં ધારાસભ્યોને ખરીદવાના પ્રયાસો થઈ રહ્યા છે.

## ભારતીય વિદેશ મંત્રાલય દોડ્યા અમેરિકાના મોટા અધિકારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ પર અમેરિકાએ કરેલી ટિપ્પણી સામે ભારતે કડક કાર્યવાહી કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે અમેરિકાના કાર્યકારી મિશનના ડેપ્યુટી ચીફ ગ્લોરિયા બર્બેનાને બુધવારે ભારત બોલાવ્યા છે. ભારતીય વિદેશ મંત્રાલયના અધિકારીઓ અને અમેરિકન રાજદ્વારીઓ વચ્ચે લગભગ ૪૦ મિનિટ સુધી વાતચીત થઈ હતી. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા કહેવાયું કે "અમે ભારતમાં કેટલીક કાનૂની કાર્યવાહી અંગે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ સામે સખત વાંધો લઈએ છીએ. કૂટનીતિમાં કોઈ પણ દેશ પાસેથી અન્ય દેશોની સંપ્રભુતા અને આંતરિક બાબતોનું સન્માન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જો તે સહયોગી લોકશાહીઓનો કેસ હોય, તો આ જવાબદારી વધુ વધે છે. જો આવું ન બને તો ખોટાં ઉદાહરણો રજૂ કરવામાં આવે છે. ભારતની કાનૂની પ્રક્રિયાઓ સ્વતંત્ર ન્યાયતંત્ર પર આધારિત છે, જે ઉદ્દેશ્યપૂર્ણ અને સમયસર નિર્ણયો લેવા પ્રતિબદ્ધ છે. ભારતીય ન્યાયતંત્ર પર આક્ષેપો કરવા એ અન્યાયી છે.

### અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા સાંસદોના પત્તા કપાયા

# ભાજપે ૯૦ ટકા જેટલા ઉમેદવારો જાહેર કરી છે

### એવું માનવામાં આવી રહ્યું છે કે પાર્ટીએ કોને ટિકિટ આપવી અને કાપવી તે માટે ત્રણ પોઈન્ટની રણનીતિ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

લોકસભા ચૂંટણી ઢૂંકડી છે અને ભાજપે અત્યાર સુધીમાં ૪૦૫ ઉમેદવારોના નામ પણ જાહેર કરી દીધા છે. આમ જોઈએ તો ભાજપે ૯૦ ટકા જેટલા ઉમેદવારો જાહેર કરી દીધા છે. ત્યારે નજરે ચડે છે કે આમાંથી લગભગ ૧૦૦ જેટલા સાંસદોના પત્તા કપ ાઈ ચૂક્યા છે. આ અગાઉ ૨૦૧૯માં પણ ભાજપની એ રણનીતિ જોવા મળી હતી અને ૯૯ સાંસદોને ફરીથી તક મળી નહતી. પરંતુ આ વખતે એવું લાગે છે કે આવા સાંસદોની સંખ્યા વધી શકે છે. યાદી જોઈએ તો અત્યાર સુધીમાં વરુણ ગાંધી, વી કે સિંહ, અનંતકુમાર હેગડે, મીનાક્ષી લેખી, સદાનંદ ગૌડા, સાધ્વી પ્રજ્ઞા ઠાકુર, રમેશ બીધૂડી, હર્ષવર્ધન, ગૌતમ ગંભીર સહિત અનેક દિગ્ગજોના નામ કપાઈ ચૂક્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે કોને ટિકિટ આપવી અને કાપવી તે માટે ત્રણ પોઈન્ટની રણનીતિ છે જે હેઠળ ઉમેદવાર નહીં પરંતુ પીએમ મોદી, તેમની યોજનાઓ અને ભાજપના ચૂંટણી ચિન્હ કમળ પર ફોકસ કરવાનું છે. અત્રે જણાવવાનું કે પીએમ મોદીએ પોતે ભાજપના કાર્યકર્તાઓને અપીલ કરી હતી કે આપણા ઉમેદવાર ફક્ત કમળ છે. તમામ કાર્યકરોએ મળીને કમળને જીતાડવા માટે કામ કરવાનું છે. જેનાથી સ્પષ્ટ થઈ ગયું હતું કે ભાજપનું નેતૃત્વ આ વખતે કોઈને પણ બદલી શકે છે અને કોઈને પણ ગમે ત્યાંથી ચૂંટણીના મેદાનમાં ઉતારી શકે છે. એવી પણ ચર્ચાઓ છે કે અલાહાબાદથી રીતા બહુગુણા જોશીને તક મળી શકે તેમ નથી. આ ઉપરાંત કૈસરગંજ લોકસભા સીટથી બૃજભૂષણ શરણ સિંહને પણ હટાવવામાં આવી શકે છે.

આ રણનીતિ હેઠળ ભાજપે જ્યાં એક બાજુ બંગાળના સંદેશખાલીની પીડિતાને ઉમેદવાર બનાવી છે તો બીજી બાજુ મેરઠથી રામાયણના રામ એટલેકે અરુણ ગોવિલ અને હિમાચલ પ્રદેશના મંડીથી બોલીવુડ અભિનેત્રી ચૂંટણીના મેદાનમાં છે. એક સમયે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી તરીકે ડંકો વગાડનારા શિવરાજ ચૌહાણ પણ આ વખતે વિદિશાથી લોકસભા લડી રહ્યા છે. હરિયાણામાં પૂર્વ મંત્રી મનોહરલાલ ખટ્ટર પણ કરનાલ સીટથી મેદાને છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે પાર્ટી એન્ટી ઈક્મ્બરન્સીથી બચવા માટે ઉમેદવાર બદલવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કેમ્પેઈનનું સંપૂર્ણ ફોકસ પીએમ મોદી, તેમની સરકાર દ્વારા બનાવવામાં આવેલી યોજનાઓ અને કમળ ચિન્હ પર છે.

આ ઉપરાંત ભાજપ અનેક એવા રાજ્યો જ્યાં પડકારભરી સ્થિતિ છે ત્યાં મંત્રીઓને મેદાનમાં ઉતારી રહી છે જે અત્યાર સુધી રાજ્યસભાના સભ્યો હતા. જેમ કે રાજીવ ચંદ્રશેખર, ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર યાદવ. મોટા નેતાઓના લોકસભા લડવાથી એકબાજુ જ્યાં પાર્ટીનો માહોલ બનશે તો બીજી બાજુ કપરી બેઠકો પર જીતની શક્યતા પણ રહેશે. એક રણનીતિ એ પણ છે કે જ્યાં સંભાવના થોડી નબળી છે ત્યાં બીજા પક્ષોના નેતાઓને ઉતારવામાં આવે. જેમ કે નવીન જિંદાલ, અશોક તંવર, જિતિન પ્રસાદ વગેરે.

### દેશના અનેક ભાગોમાં વરસાદ જોવા મળી શકે

# દેશભરના રાજ્યોમાં હવામાનમાં અચાનક પલટો જોવા મળી શકે છે

### આગામી પાંચ દિવસ સુધી અનેક રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદ અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।



દેશભરના રાજ્યોમાં હવામાનમાં પલટો જોવા મળી શકે છે. આજે દેશના અનેક ભાગોમાં વરસાદ જોવા મળી શકે છે. આગામી પાંચ દિવસ સુધી અનેક રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદ અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની ગતિવિધિઓ જોવા મળી શકે છે. હવામાન વિભાગ તરફથી અપાયેલી જાણકારી મુજબ પશ્ચિમી હિમાલયી વિસ્તારોમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચ્યું છે. જેની અસરથી વરસાદ જોવા મળશે. આ ઉપરાંત ૨૯મી માર્ચે વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યું છે જે વરસાદની ગતિવિધિઓમાં તીવ્રતા લઈને આવશે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ આજે જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં ગાજવીજ સાથે વરસાદ અને હિમવર્ષા જોવા મળશે. જ્યારે હિમાચલ પ્રદેશ, ઉપર હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, અને ત્રિપુરાના આંતરિયાળ વિસ્તારોમાં પણ વરસાદ અને હિમવર્ષાની ગતિવિધિ જોવા મળી શકે છે. હવામાન વિભાગ તરફથી અપાયેલી જાણકારી મુજબ ૨૮મી માર્ચે હિમાચલ પ્રદેશમાં ભારે પવન ફૂંકાવવાની સાથે હિમવર્ષા જોવા મળી શકે છે. આ સાથે પંજાબ, ગંગીય પશ્ચિમ બંગાળમાં પવન ફૂંકાઈ શકે છે.

### હસવા સાથે વિચારમાં પડી જશો

# ભાજપે જાહેર કર્યુ વિપક્ષના ગઠબંધન પર કટાક્ષ કરતું એક Video કેમ્પેઇન

### કેમ્પેઇનમાં રાહુલ ગાંધી અને વિપક્ષના દળોના નેતાઓને પણ પ્રતિકાત્મક રીતે લેવામાં આવ્યા હોય તેવુ જોવા મળી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

લોકસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ચુક્યુ છે. આ વખતે લોકસભાની ચૂંટણી ૭ તબક્કામાં યોજાવાની છે.વિવિધ રાજકીય પક્ષોએ પોતાના કેટલાક ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, તો કેટલાક ઉમેદવારોના નામ જાહેર કરવાના બાકી છે. જો કે દરેક પક્ષ પ્રચાર પ્રસારના કામમાં લાગી ગયુ છે. તેમાં પણ ભાજપે પ્રચાર માટે એક એક વીડિયો કેમ્પેઈન શરુ કર્યુ છે. જો જોઈને તમને હસુ પણ આવશે અને વિચારમાં પણ પડી જશો. સોશિયલ મીડિયામાં ભાજપ દ્વારા શરુ કરાયેલા કેમ્પેઈનનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને વિપક્ષના દળોના નેતાઓને પણ પ્રતિકાત્મક રીતે લેવામાં આવ્યા હોય તેવુ જોવા મળી રહ્યુ છે. આ વીડિયો કોઈને પણ હસવા મજબૂર કરી દે તેવો છે. વીડિયોમાં જોવા મળે છે કે લગ્ન જીવન માટે સાથીની પસંદગી કરવા માટે યુવક અને યુવતી મળે છે. જો કે યુવક તેની સાથે તેના બિઝનેસ પાર્ટનર્સ એટલે કે INDIA ગઠબંધનમાં સામેલ દળોને લઈને આવે છે અને બધાનો પરિચય કરાવે છે. બાદમાં વાતચીત દરમિયાન જ તેઓ અંદરો અંદર વરરાજાની એટલે કે વડાપ્રધાન પદ માટેના ઉમેદવારની પસંદગીની ચર્ચા કરતા જ એકબીજા જોડે લડવા લાગે છે. બાદમાં કટાક્ષ પૂર્વક વીડિયોમાં જણાવવામાં આવે છે કે જે વરરાજા કોણ બનશે તેની પસંદગી નથી કરી શકતા તો પ્રધાનમંત્રી કોણ બનશે તેની પસંદગી કેવી રીતે થશે ?

મહત્વનું છે કે લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને કોંગ્રેસ સહિતના વિપક્ષે 'ભાજપ અને નરેન્દ્ર મોદી'ને પડકારવા માટે વિપક્ષનાં દળોના ગઠબંધન – ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુસિવ ઍલાયન્સ એટલે કે INDIAની જાહેરાત કરી હતી.INDIAમાં ૨૬ વિપક્ષી દળો ગઠબંધનમાં સામેલ છે. આમાં કોંગ્રેસ, ટીએમસી, ડીએમકી, આપ, JDU, આરજેડી, જેએમએમ, એનસીપી (શરદ પવાર), શિવસેના (UBT), સમાજવાદી પાર્ટી, નેશનલ કોન્ફરન્સ, પીડીપી, સીપીએમ, સીપીઆઇ, આરએલડી, એમડીએમકે, કોંગુનાડુ મક્કલ દેસિયા કાચ્છી (KMDK), વીસીકે, આરએસપી, સીપીઆઈ-એમએલ (લિબરેશન), ફૉરવર્ડ બ્લૉક, આઈયુએમએલ, કેરાલા કોંગ્રેસ (જોસેફ), કેરાલા કોંગ્રેસ (મણિ), અપના દળ (કામેરાવાદી) અને મનીથનેયા મક્કલ કાચ્છી (એમએમકે) સામેલ છે.

### વધુ એક ભારતીયે વિદેશમાં ભવ્ય સિદ્ધિ મેળવી

# IIT મદ્રાસના પવન દાવુલુરી બન્યા માઈક્રોસોફ્ટ વિન્ડોઝના હેડ

### સરફેસ સિલિકોન અને ડિવાઈસનો ચાર્જ હસ્તગત કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।



ભારતની IIT સંસ્થાઓને વિશ્વની ટોચની ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ્સમાં સ્થાન મળે છે અને તેના ઘણા વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તરે નામના મેળવી છે. IIT મદ્રાસના ભૂતપૂર્વ વિદ્યાર્થી પવન દાવુલુરીને Microsoft Windows અને સરફેસના નવા વડા બનાવવામાં આવ્યા છે. તેમણે સરફેસ સિલિકોન અને ડિવાઈસનો ચાર્જ હસ્તગત છે. હવે વિન્ડોઝ અને સરફેસ બંનેની કમાન દાવુલુરીના હાથમાં છે. અગાઉના પ્રેસિડન્ટ મિખાઈલ પાર્બિને વિન્ડોઝ અને વેબ એક્સપીરિયન્સ માટેની એક નવી ટીમનું નેતૃત્વ સ્વીકાર્યું છે. પવન દાવુલુરીને કુલ ૨૩ વર્ષનો અનુભવ છે અને તેઓ પીસી અને એક્સબોક્સ હાર્ડવેર, સરફેસ, વિન્ડોઝ અને સિલિકોનમાં કામ કરી ચૂક્યા છે. આ ઉપરાંત તેમણે પ્રોડક્શન ટીમને લીડ કરી છે. સોફ્ટવેર અને હાર્ડવેર પ્લેબુકમાં પણ તેમણે કામ કરેલું છે.

પવન દાવુલુરીએ IIT મદ્રાસમાં શિક્ષણ મેળવ્યું હતું. ત્યાર પછી તેઓ અમેરિકાની મેરીલેન્ડ યુનિવર્સિટીમાં આગળ ભણવા ગયા હતા. ત્યાં તેમણે માઈક્રોસોફ્ટમાં એક રિલાયબિલિટી કમ્પોનેન્ટ મેનેજર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. ૨૦૨૧માં તેઓ વિન્ડોઝ અને સિલીકોન એન્ડ સિસ્ટમ ઈન્ટીગ્રેશન માટે કોર્પોરેટ વીપી બન્યા હતા. ગયા વર્ષે વિન્ડોઝ પ્લસ ડિવાઈસ માટે તેમણે કોર્પોરેટ વીપીની ભૂમિકા નિભાવી હતી. માઈક્રોસોફટના એક્સપીરિયન્સ એન્ડ ડિવાઈસના હેડ રાજેશ ઝાએ જણાવ્યું છે કે અત્યારના AI યુગ માટે વિન્ડોઝ ક્લાઈન્ટ અને ક્લાઉડ સુધી ફેલાયેલા સિલિકોન, સિસ્ટમ, એક્સપીરિયન્સ અને ડિવાઈસના નિર્માણ માટે એક નવો દ્રષ્ટિકોણ જોવા મળશે. પવન જે જગ્યાએ જઈ રહ્યા છે ત્યાં અગાઉ પાનોસ પનાય હતા. ગયા વર્ષે Panos Panay માઈક્રોસોફ્ટ છોડીને Amazonમાં જોડાયા હતા. અમેરિકામાં ટોચની ટેક્નોલોજી કંપની સાથે વધુ એક ભારતીયનું નામ જોડાયું છે. સુંદર પિચાઈ અને સત્ય નડેલા જેવા લોકો અગાઉથી આ ફિલ્ડમાં ચમકી ગયા છે. પવન દાવુલુરી લગભગ ૨૩ વર્ષથી માઈક્રોસોફ્ટ સાથે કામ કરી રહ્યા છે.

### જવાન લખનૌ ટ્રોમા સેન્ટરમાં દાખલ

# અયોધ્યાના મંદિર પરિસરમાં PAC જવાનને વાગી ગોળી

### કમાન્ડો હથિયાર AK-47 સાફ કરી રહ્યા હતા તે સમયે ભૂલથી ગોળી નીકળી હતી, જે પીએસી જવાનને વાગી હતી

। (એજન્સી) અયોધ્યા, તા.૨૭ ।

અયોધ્યા રામ મંદિરમાં રોજ હજારો ભક્તો દર્શન કરવા માટે હોય છે. જેમની સુરક્ષા માટે અહીં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ તહેનાત હોય છે. જો કે તાજેતરમાં જ રામ મંદિરના પરિસરમાં ફરજ બજાવતા એક PAC જવાનને ગોળી વાગવાની ઘટના સામે આવી છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં તૈનાત PAC જવાનને શંકાસ્પદ સંજોગોમાં ગોળી વાગી હતી. ઈજાગ્રસ્ત સૈનિકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર જણાતા તેને લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યો છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં તૈનાત PAC જવાનને શંકાસ્પદ સંજોગોમાં ગોળી વાગી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ૩૨ બટાલિયન પીએસીના કમાન્ડો પોતાના હથિયાર AK-47 સાફ કરી રહ્યા હતા. તે જ સમયે ભૂલથી એક ગોળી નીકળી હતી, જે પીએસી જવાનની છાતીમાંથી નીકળી ગઈ હતી. ઘટનાની માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચેલા અયોધ્યા રેન્જ IG પ્રવીણ કુમારે જણાવ્યું કે, ફાયરિંગ કરાયેલી ગોળી આકસ્મિક રીતે જવાનની છાતીમાંથી પસાર થઈ હતી. જોકે એ સ્પષ્ટ નથી થયું કે ગોળી જવાનના હથિયારમાંથી ચલાવવામાં આવી હતી કે અન્ય કોઈ સાથીદારના હથિયારમાંથી. આ અંગે તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક રીતે મળેલી માહિતી અનુસાર PAC જવાનનું નામ રામ પ્રસાદ (૫૩) છે. તેઓ શ્રી રામ જન્મભૂમિ સંકુલની સુરક્ષામાં તહેનાત હતા. મંગળવારે સાંજે અચાનક તેને ગોળી વાગી હતી.

છાતીમાં ગોળી વાગ્યા બાદ તેમના સાથીદારોએ જવાન રામ પ્રસાદને ઉતાવળમાં ડિવિઝનલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, પરંતુ તેમની સ્થિતિ ગંભીર જોઈને ડૉક્ટરોએ રામ પ્રસાદને લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથે લખનૌ ટ્રોમા સેન્ટરમાં રીફર કર્યા હતા. ઈજાગ્રસ્ત કમાન્ડો રામ પ્રસાદ અમેઠીનો રહેવાસી છે, જ્યારે તેનો પરિવાર લખનૌમાં રહે છે. તે ૩૨મી કોર્પ્સ પીએસીમાં પોસ્ટેડ હતા. હાલમાં તેને ગોળી કેવી રીતે વાગી તેની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી.

# તારક મહેતા...ફેમ અભિનેત્રીએ શોના પ્રોડ્યુસર વિરુદ્ધ કેસ જીત્યો

### જેનિફર મિસ્ત્રીએ ગત વર્ષે અસિત મોદી, સોહિલ રમાણી અને જતિન રમાણી વિરુદ્ધ યૌન ઉત્પીડનનો કેસ દાખલ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ટીવી ઈન્ડસ્ટ્રીથી એક મોટા સમાચાર આવ્યા છે. વર્ષોથી લોકોનું મનોરંજન કરતા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો સાથે વિવાદોને પણ ઊંડો નાતો રહ્યો છે. સીરિયલમાં મિસિસ સોઢીનું પાત્ર ભજવી ચૂકેલી અભિનેત્રી જેનિફર મિસ્ત્રી બંસીવાલે શોના પ્રોડ્યુસર અસિતકુમાર મોદી વિરુદ્ધ કોર્ટમાં સેક્સ્યુઅલ હેરેસમેન્ટનો કેસ કર્યો હતો. હવે આ કેસ પર એક વર્ષ બાદ ચુકાદો આવ્યો છે. રિપોર્ટ્સ મુજબ જેનિફર આ કેસ જીતી ગઈ છે.

યૌન ઉત્પીડનના મામલામાં જેનિફરની જીત બાદ હવે શોના પ્રોડ્યુસર અસિતકુમાર મોદીને બાકી રકમ અને ૫ લાખ રૂપિયાનું વળતરનો આદેશ અપાયો છે. અત્રે જણાવવાનું કે જેનિફર મિસ્ત્રીએ અસિતકુમાર મોદી પર યૌન ઉત્પીડનનો આરોપ લગાવ્યો અને ત્યારબાદ મહારાષ્ટ્ર સરકારની મદદતી તે આ મામલે કાર્યવાહીમાં આગળ વધી હતી. જેનિફર મિસ્ત્રીએ નારાજગી પણ વ્યક્ત કરી કે તેના પક્ષમાં ચુકાદો આવવા છતાં આરોપીને સજા મળી નહીં. જેનિફર મિસ્ત્રીએ ગત વર્ષે અસિત મોદી, સોહિલ રમાણી અને જતિન રમાણી વિરુદ્ધ યૌન ઉત્પીડનનો કેસ દાખલ કર્યો હતો. કેસ અંગે જ્યારે મુંબઈ પોલીસ પાસેથી કોઈ જવાબ ન મળ્યો તો અભિનેત્રીએ મહારાષ્ટ્ર સરકાર પાસે મદદ માંગી હતી. સ્થાનિક ફરિયાદ સમિતિની રચના બાદ આ મામલે કાર્યવાહી તેજ થઈ અને ત્યારબાદ અસિત મોદી વર્ક પ્લેસ પર મહિલાઓના શારીરિક ઉત્પીડન (Prevention, Prohibition, and Redressal) એક્ટ ૨૦૧૩ હેઠળ ચાર મહિનામાં જ દોષિત ઠર્યા.

# બાલ્ટીમોરમાં પેટાપ્સકો નદી પરના પુલનું ફરી નિર્માણ કરવામાં આવશે

### દુર્ઘટના પછી યુએસ પ્રમુખે બાલ્ટીમોર બંદર પર જહાજોની અવરજવરને આગામી સૂચના સુધી સ્થગિત કરી દીધી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭ ।



અમેરિકાના બાલ્ટીમોરમાં પેટાપ્સકો નદી પરના પુલ સાથે માલવાહક જહાજ અથડાયું હતું. આ પછી પુલ પત્તાના મહેલની જેમ તૂટી પડ્યો. વાસ્તવમાં આ પુલ સાથે અથડાતા જહાજના તમામ ૨૨ ક્રૂ મેમ્બર ભારતીય છે. દરેક વ્યક્તિ સલામત અને સ્વસ્થ છે. પરંતુ આ અકસ્માતમાં હજુ છ લોકો ગુમ છે. તેમના બચાવ કાર્ય ચાલુ છે.

આ દરમિયાન બાલ્ટીમોર બ્રિજ દુર્ઘટના પર અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે બાલ્ટીમોર બ્રિજ ધરાશાયી થયા બાદ આઠ લોકો ગુમ થયા છે. તેમાંથી બેને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે બાકીના છ હજુ પણ ગુમ છે. તેમને શોધવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. બાઈડેને એમ પણ કહ્યું કે, બાલ્ટીમોર પોર્ટ પર જહાજોની અવરજવર હાલ પૂરતું સ્થગિત કરી દેવામાં આવી છે. બાઈડેને વધુમાં કહ્યું કે, આ ભયાનક અકસ્માતમાં સામેલ તમામ લોકો અને તમામ પરિવારો પ્રત્યે અમારી સંવેદના છે. ખાસ કરીને તે લોકો સાથે જેઓ હાલમાં તેમના પ્રિયજનોના સમાચારની રાહ જોઈ રહ્યા છે. હું જાણું છું કે આવી સ્થિતિની દરેક મિનિટ મોટી લાગે છે. રાષ્ટ્રપતિ બાઈડેને બચાવ કાર્યકરો અને બાલ્ટીમોરના લોકોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે આ પુલના નિર્માણનો સંપૂર્ણ ખર્ચ સંઘીય સરકાર ઉઠાવશે.

આ અકસ્માત બાદ બાઈડેને પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, અધિકારીઓનું કહેવું છે કે આ અકસ્માતમાં કુલ આઠ લોકો લાપ તા હતા, જેમાંથી બેને બચાવી લેવામાં આવ્યા છે. એકને ઈજા થઈ નથી જ્યારે બીજાની હાલત ગંભીર છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. જોકે તેમણે એમ પણ કહ્યું કે ગુમ થયેલા લોકોની સંખ્યામાં બદલી પણ શકે છે.

તમને જણાવી દઈએ કે અમેરિકાના સ્થાનિક સમય અનુસાર આ દુર્ઘટના રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે થઈ હતી. બાલ્ટીમોરથી કોલંબો જઈ રહેલું આ ૯૪૮ ફૂટનું ડાલી જહાજ બાલ્ટીમોરના ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજના થાંભલા સાથે અથડાયું હતું. જહાજ સાથે અથડાયા બાદ પુલ નદીમાં પડી ગયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે દુર્ઘટના બાદ જહાજમાં પણ આગ લાગી હતી અને જહાજમાંથી કાળો ધુમાડો નીકળવા લાગ્યો હતો. જો કે આ જહાજ પુલ સાથે શા માટે અથડાયું તે અંગે હજુ સુધી માહિતી મળી નથી. તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

## આસામમાં એક નેતાની ચલણી નોટોની પથારીમાં સુતેલાની તસવીર વાયરલ

। દીસપુર, તા.૨૭ ।

આસામમાં ઉદલગિરિ જિલ્લાના ભૈરાગુડીમાં વિલેજ કાઉન્સિલ ડેવલપ મેન્ટ કમિટીના ચેરમેન બેન્જામિન બાસુમાતરીનો ચલણી નોટોની તસવીરો પર સુતેલી હાલતનો ફોટો વાયરલ થયો છે. બેડ પર વચ્ચે તે સુતેલો અને આજુબાજુમાં ૫૦૦ની ચલણી નોટો વેરવિખેર પડેલી દેખાય છે. બોડોલેન્ડના આ નેતા પર વડાપ્રધાન આવાસ યોજના અને ગ્રામીણ રોજગાર યોજના સાથે સંકળાયેલા મોટા પાયે ભ્રષ્ટાચારના કેસમાં આરોપ છે. ઓડાલગુરી ડેવલપમેન્ટ ઝોનમાં તેમના વીસીડીસી હેઠળ પીએમએવાય અને મનરેગા યોજનાના ગરીબ લાભાર્થીઓ પાસેથી તેમને કથિત રીતે લાંચ મળી હતી. બેન્જામિન બાસુમાતરીનો ફોટો સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થયો હતો જે પછી હોહા મચી હતી. લોકોએ તેની સામે કાર્યવાહીની પણ માગ કરી છે.

## તંત્રી લેખ...

# અનુશાસન એક એવો સેતુ છે જે માનવીને ધ્યેય સુધી પહોંચાડી દે છે

જીવનને સાર્થકતા પ્રદાન કરનારા સૂત્રોમાં અનુશાસન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અનુશાસન જીવનમાં નૂતન ઊર્જા અને આલોક પ્રદાન કરીને તેની મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરે છે. અનુશાસન આપણા જીવનની કેન્દ્રસ્થ ધરી છે. એક અનુશાસિત વ્યક્તિની અંદર આજ્ઞાકારી હોવાનો ગુણ હોય છે. તેનાથી નિયમિત રૂપે કાર્ય કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે. અનુશાસન દ્વારા કર્તવ્ય અને અધિકારનું સમુચિત જ્ઞાન થાય છે. આ એક એવો ગુણ છે જેનાથી મનુષ્ય સર્વપ્રિય બની જાય છે. પારિવારિક અને સામાજિક જીવનમાં તો ક્યાંય વધુ અનુશાસનની જરૂર હોય છે. જો અનુશાસનનું પાલન ન કરવામાં આવે તો આપણું જીવન દુર્ગતિને પ્રાપ્ત થઈ જશે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું, 'તમામ અનુશાસનોનું મૂળ વ્યક્તિગત અનુશાસન છે. જ્યાં સુધી કોઈપણ વ્યક્તિ પોતાની જાતે જ અનુશાસન અને નિયમ પાલનમાં બંધાઈ નથી જતો, ત્યાં સુધી તેણે બીજા પાસે એવું કરાવવાની આશા રાખવી વ્યર્થ છે.' અનુશાસન આપણા જીવનમાં તમામ વ્યવહારોના સ્વરૂપને સંદર્ભિત કરે છે, જેનું પાલન કરવું જોઈએ. જ્યારે આ કારકોને એકીકૃત કરવામાં આવે છે તો તે જીવનમાં ઘટનાઓના સામાજિક અને વ્યક્તિગત ક્રમને જાળવી રાખવામાં સહાયતા કરે છે. આ જવાબદારી અને વિશ્વસનીયતાની ભાવના પેદા કરે છે અને લોકોને પોતાના કાર્યોની જવાબદારી લેવા માટે પ્રોત્સાહિત કરે છે. અનુશાસન વિના જીવન એ નાવ જેવું છે, જે નાવ પર કોઈ નાવિક નથી હોતો અને તે નાવ લહેરોના વમળમાં ફસાઈને રાહ ભટકી જાય છે. વર્તમાન દોરમાં લોકો એટલા બધા અનુશાસનહીન થવા લાગ્યા છે કે તેમને અનુશાસનની દીક્ષા આપવાની નોબત આવી ગઈ છે. પ્રકૃતિ અનુસાર અનુશાસનનો અર્થ શીખવા માટે દરેક પાસે અલગ-અલગ સમય અને ક્ષમતા છે. તેથી, ક્યારેય પણ હાર ન માનો અને હંમેશાં અનુશાસનમાં રહેવાની કોશિશ કરો, કારણ કે આજે ઉઠાવેલું એક નાનકડું પગલં કાલ માટે એક મોટો બદલાવ લાવી શકે છે. મનુષ્યભવની એકપણ ક્ષણ ન વેડફાય તે માટે હું મારી દૈનિક જીવન ચર્યાને સમજણપૂર્વક ગોઠવીને તમામ કાર્યો કરીશ. અનુશાસન દ્વારા જ વિકાસ સંભવિત છે, એ હું ક્યારેય નહિ ભુલું. વ્યાયામ- ધ્યાન- ગુરૂ આજ્ઞા પાલન- ઉત્તમ ધર્મગ્રંથોના વાંચન થકી હું મારા આરોગ્યને સાચવીશ અને મનને પવિત્ર રાખીશ. અનુશાસન એક એવો સેતુ છે જે માનવીને ધ્યેય સુધી પહોંચાડી દે છે. એવી શક્તિ છે જે સ્વપ્નોને સાકારિત કરી આપે છે. જીવન જીવવાની એક એવી શૈલી છે જે શરીરમાં રહેલી આળસ અને મનમાં ભરાયેલા પ્રમાદને ખંખેરી જીવનમાં નવો ઉત્સાહ અને ઉમંગ ભરી દે છે. અનુશાસનની વ્યાખ્યા ઘણી મોટી છે. સમયને અનુસરતું વ્યવસ્થિત જીવન તે પ્રારંભિક અવસ્થા છે. જેમ સમય પસાર થતો જાય, અંતરની દ્રઢતા વધતી જાય, તેમ તે અનુશાસન નવા રંગો સાથે જીવનને ઉન્નત બનાવતું જાય છે. મન, વચન અને કાયાને તે નિયંત્રિત રાખે છે, દરેક કાર્ય એકાગ્રતાપૂર્વક થાય છે, હેય અને ઉપાદેયનો વિવેક જળવાય છે, મનમાં ઉદ્દભવતી ઈચ્છાઓને સતત તપાસીને આચરણમાં મૂકાય છે, લીધેલા નિર્ણયોનું શું પરિણામ આવશે તે વિચારીને પછી પગલા ભરાય છે. વિવિધ દિશાઓમાં આપણું જીવન પ્રગતિશીલ બને છે. ખરેખર તો અનુશાસન તે સ્વ અને પરના કલ્યાણથી પૂર્ણ થાય છે. ડગલે અને પગલે ક્ષણિક સુખ આપનારા અનેક પ્રલોભનો આવતા રહેશે પણ તેની ઉપેક્ષા કરીને, છેવટનું લક્ષ્ય મનમાં રાખીને પુરૂષાર્થ કરતા રહી, જવાબદારીપૂર્વક જીવન જીવવું તે છે અનુશાસન. ઈચ્છાઓની આહુતિ જે આપી શકે છે તે જ ઊંચા શિખરો સર કરી શકે છે. રાત અને દિવસ એકબીજાથી થાક્યા વગર અનુસરતા રહે છે, એક પછી એક ઋતુઓ બદલાતી રહે છે, અમાવસથી પૂર્ણિમા સુધી ક્રમશઃ ચંદ્રમા ખીલતો રહે છે, બ્રહ્માંડમાં એક ગ્રહ અન્યની પ્રદક્ષિણા કરતો રહે છે.

## આપણે જે કંઇક કરીએ છીએ, તે કોઈના જીવનમાં યોગદાન આપે છે



અર્થપૂર્ણ જીવન કેવી રીતે જીવવું?જ્યારે સફળતા મેળવીને પણ માત્ર તણાવ, થાક અને સંકટ મળે ત્યારે શું કરવું જોઈએ? "ધ વીક" જોડે ના આ ઈન્ટરવ્યુમાં સદગુરુ જીવનની નવી પરિભાષા આપે છે, જે ભૌતિક લાભોથી પરે છે. આપણે જે કંઇક કરીએ છીએ, તે કોઈના જીવનમાં યોગદાન આપે છે. જો તમે બધાના જીવનમાં ફાળો આપવાના તમારા કામને એક સભાન પ્રક્રિયા બનાવી શકો, તો તમારું જીવન ખુબ અલગ થશે. ફાળો આપવાનો અર્થ એ નથી કે તમે તમારા ધંધામાં પૈસા નહિ બનાવો. જો તમે સતત જુઓ કે તમારી આજીબજુના લોકોને તમારું શ્રેષ્ઠ કેવી રીતે આપવું, તો ફાયદો જાતે જ થશે. તમારે એની ચિંતા કરવાની જરૂર નથી. યોગદાન આપવું, એ પૈસા કે સામગ્રી વિષે નથી, એ તમારા જીવનનો મૂળ સંકલ્પ છે. જો તમે તમારા જીવનને યોગદાન બનાવો, પછી તમારું જીવન ખરેખર અર્થપૂર્ણ અને યોગ્ય બનશે, કારણકે તમે એજ રચી રહ્યા છો જેની તમે કાળજી લો છો. જો તમે જેની ખુબ કાળજી લો છો તેની રચના કરો છો, તો એવા કામ પર જવાનો તમને રોજ આનંદ આવશે. આમ કરવાથી તમે કોઈ દિવસ તણાવના કારણે મૃત્યુ નહિ પામો. તમે થાકથી મરી જશો, પણ તણાવથી નહિ. આ ખૂબ સારી વસ્તુ છે. જે ક્ષણે તમે જોશો કે હું કઈ રીતે ફાળો આપી શકું, જે ક્ષણે તમે તમારી અંદર એક અનોખું સુખ અનુભવશો, તમારું શરીર અને મન તેમનાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે. આને સાબિત કરવા ઘણા વિજ્ઞાની અને તબીબી પુરાવા છે. જો તમારું મન અને શરીર તેમનું શ્રેષ્ઠ કામ નહિ કરે તો શું તમને લાગે છે કે તમે સફળ થશો? સફળતાનો અર્થ છે કે જે કઈ શ્રેષ્ઠ તમારી પાસે છે તેને ભેગું કરી, શક્ય તેટલું સારું પરિણામ લાવો. જો આને શક્ય કરવું હોય, તો તમારે કાયમ એ સુખદ સ્થિતિનો અનુભવ કરવો જોઈએ. પછી તમે જેટલું વધુ કરો, એટલો તમારો અનુભવ પ્રબળ બને. આ ફક્ત ત્યારેજ શક્ય બનશે, જયારે તમે કાયમ તમારી આજુબાજુ બધાને કંઈક ફાળવવા ઈચ્છશો. જો તમે ખરેખર પ્રસન્નતાનો અનુભવ કરતા તો શું તમે જીવનના હેતુ વિષે પૂછો? તમે આ પ્રશ્ન એટલે પૂછો છો કારણકે ક્યાંક જીવનનો અનુભવ જોઈએ તેટલો સારો નથી. મોટા ભાગના મનુષ્યો વિચારો, ભાવનાઓ, કલ્પનાઓ, અભિપ્રાયો અને પૂર્વાગ્રહોનું જાણે એક પોટલું બની ગયા છે. આનો અર્થ એ છે કે તમારું મનોવૈજ્ઞાનિક નાટક તમારા જીવન પર હાવી થઈ ગયું છે. મોટા ભાગે તમે ફક્ત જીવન વિષે વિચારો છો, તેને જીવતા નથી. તમે અહીં જીવન જીવવા આવ્યા છો, ના કે તેના વિશે વિચારવા. જીવન જીવવા માટે ભિન્ન પ્રકારના હેતુઓ શોધવાની જરૂર નથી. જો તમે આ જીવનની પ્રકૃતિનું અન્વેષણ કરશો, તો તમે જાણશો કે જીવનને કોઈ હેતુની જરૂર નથી. જીવન જાતેજ અસાધારણ છે. જો તમે આ જીવનને તેની પૂર્ણતામાં અનુભવશો, તો જીવન જાતેજ એક હેતુ છે. સંયમી જીવન જીવવાથી આત્મામાં રહેલી અનંત શક્તિઓ ઉજાગર થાય છે. આપણો આત્મા વિવિધ રીતે સક્ષમ બનતો જાય છે. પોતે કરેલા પુરૂષાર્થની જીવ કદર કરતો થાય છે. આત્મવિશ્વાસ વધતો જાય છે અને અંતરનું ઉપાદાન તત્વ પરાક્રમી બનીને ન ધારેલા કાર્યો કરી શકે છે. જે મન અત્યાર સુધી ચપળ અને ચંચળ હતું તે શાંત, સ્થિર અને વ્યવસ્થિત બની આત્માને વિકાસ કરવામાં સહાયભૂત થાય છે. કેળવાયેલું મન વધુ દ્રઢ અને સહનશીલતા સાથે લક્ષ તરફ આગળ વધે છે. જીવનમાં અનુશાસન સ્થપાય એટલે પછી વિચારી વિચારીને દરેક કાર્યો થાય. અંતર જાગૃતિ ખૂબ વધી જાય છે.

---

### આપણી આળસ કે આપણી પરિશ્રમ ન કરવાની નિયતને કારણે પણ ક્યારેક આપણે ઈશ્વરને પ્રાર્થના કરતા હોઈએ છીએ

# ઓ ઈશ્વર ભજીએ તને! એ પ્રાર્થના થકી આપણાં સાપેક્ષ સંબંધોનાં વ્યવહારમાં શાંતિ સ્થાપી એ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણા દરેક પ્રકારના ભાવ આપણે ઈશ્વરના ચરણે રાખીએ તો એ કંઈ ખોટું નથી! સંબંધોની સાપેક્ષતા ને કારણે અંદરોઅંદરનાં વ્યવહારો ક્યારેક મન દુઃખ કરાવે, મતભેદ કરાવે તો એને અન્ય કોઈને ન જણાવતાં ઈશ્વરને જણાવવું, એ સૌથી સારું છે**

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વ્યક્તિગત ઉપર ઉઠવું હોય, પરિવારની એકતા ને અખંડિત રાખવી હોય, કે પછી પારિવારિક સમસ્યાનો ઉકેલ ઈચ્છતા હોઈએ, અથવા તો બૌદ્ધિકતાની ઉચ્ચકક્ષાએ જ્યારે મારું તારુંનાં ભાવ મટી જાય ત્યારે, સામાજિક ઉત્થાન કે સામાજિક શાંતિ માટે આપણે પ્રાર્થનાનો સહારો લેતા હોઈએ છીએ અથવા લેવો જોઈએ. પ્રાર્થના મૂળ પ્રાર્થવું શબ્દ પરથી આવ્યો છે, અને એનો સીધોસાદો અર્થ વિનંતી કરી શકાય! પણ દેશ કાળ પ્રમાણે આપણે આ વિનંતીની બદલે માંગણી માટે પ્રાર્થના કરવા લાગ્યા છીએ, અને એ પણ મોટેભાગે સંકટના કાળા ઘોર વાદળ છવાયા હોય, અને ક્યાંયથી કંઈક થશે અથવા તો બચી જવાશે, એવી ઉમ્મીદ દેખાય નહીં, ત્યારે આપણે ઈશ્વરને શરણે જતા હોઈએ છીએ. જોકે ક્યારેક એવું પણ જોવા મળે કે દેશકાળ પ્રમાણે સહનશક્તિ ઘટી ગઈ છે, અને એને કારણે નાની નાની સમસ્યાઓમાં પણ કંઈ વિચાર્યા વગર મોટી મોટી માંગણીઓ કે પ્રાર્થનાઓ થતી હોય છે. જેનો ઉપાય હાથ વગો હોય છતાં આપણી આળસ કે આપણી પરિશ્રમ ન કરવાની નિયતને કારણે પણ ક્યારેક આપણે ઈશ્વરને પ્રાર્થના કરતા હોઈએ છીએ. આમ જુઓ તો આપણા દરેક પ્રકારના ભાવ આપણે ઈશ્વરના ચરણે રાખીએ તો એ કંઈ ખોટું નથી! સંબંધોની સાપેક્ષતા ને કારણે અંદરોઅંદરનાં વ્યવહારો ક્યારેક મન દુઃખ કરાવે, મતભેદ કરાવે તો એને અન્ય કોઈને ન જણાવતાં ઈશ્વરને જણાવવું, એ સૌથી સારું છે. ક્યારેક જાણે અજાણે આપણે આપણા સ્વજનનું બુરું પણ ઈચ્છતા હોઈએ છીએ, કે એણે મને આમ કહ્યું કે કર્યું, હવે તું પણ એને બતાવી દે જે! વાત ત્યાં પુરી થઈ જવી જોઈએ. પરંતુ આપણી જીદ ન હોવી જોઈએ કે ઈશ્વર આપણું કહ્યું કરે જ! અશાંતિ કે શાંતિનો મૂળ પાયો આપણી આસપાસની દુનિયા જ છે! જો આપણે ત્યાં આગળ શાંતિ સ્થાપવામાં સફળ રહ્યાં, તો કોઈ આપણને અશાંત કરી શકે નહીં! કવિ દલપતરામ એ આવાં જ એક ભાવ લઈને ઉચ્ચકક્ષાની કવિતાનું સર્જન કર્યું છે, કે જે ગ્રામીણ પ્રજા પણ અનુસરીને સાપેક્ષ સંબંધોમાં શાંતિ સ્થાપિ શકે.

**કવિ દલપતરામ**

**ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ;**
**ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ;**
**હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ;**
**ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.**
**પરોઢિયે નિત ઊઠીને લેવું ઈશ્વર નામ;**
**દાતણ કરી નાહ્યા પછી કરવા પાઠ તમામ;**
**કહ્યું કરો મા-બાપનું દો મોટાંને માન;**
**ગુરુને બાપ સમા ગણશો મળશે સારું જ્ઞાન.**
**આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;**
**ઘાસચાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ;**
**ભોંયમાં પેસી ભોંયરે કરીએ છાની વાત;**
**ઘડીએ મનમાં ઘાટ તે જાણે જગનો તાત.**
**ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કાજ;**
**ક્યાંયે જગતકર્તા વિના, ખાલી મળે ન ઠામ.**
**નિંદ્રામહીં નહિ હતું તન ભાન જ્યારે,**
**જેણે જુઓ પૂરણ રક્ષણ કીધું ત્યારે,**
**તેને પ્રભાત સમયે પ્રથમે સ્મરું રે,**
**કાર્યો બધાં દિવસનાં પછીથી કરું રે.**

સાવ સીધા સાદા શબ્દો અને અર્થ ધરાવતી આ રચના લગભગ આપણી દિનચર્યા કેવી હોવી જોઈએ એને વિશે બતાવે છે. સર્વ પ્રથમ તો આપણી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને વિશ્વાસ અતૂટ હોવા જોઈએ અને આપણને અંતરથી ખાતરી હોવી જોઈએ કે, ઈશ્વર મોટું છે તુજ નામ. એટલે કે નામ સ્મરણનો મહિમા તો છે જ, પરંતુ જેમ પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલ મહાનુભાવને આપણે મોટા કહેતા હોઈએ છીએ, કે બહુ મોટો શેઠ છે, બહુ મોટો નેતા છે, ફલાણા એ તો બહુ મોટી પદવી પ્રાપ્ત કરી, આ મોટું એ અહીં ઉપલબ્ધિ પણ બતાવે છે. અને ખરેખર કોઈ સાચા મોટાં ના પગમાં બેસીએ અથવા તો શરણાગતિ સ્વીકારીએ, તો આપણી અડધા ઉપરની જવાબદારી તો ત્યાં જ સમાપ્ત થઈ જાય છે. કવિ કહે છે હે ઈશ્વર અમે તારા શરણે આવી ગયા છીએ, અને તારા ગુણગાન ગાઈએ છીએ. અમારા કામ આમ જ થતા રહે છે, એટલે કે અમે કર્યાનો ભાર રહેતો નથી, તેમ જ કેમ થશે? એની ચિંતા પણ રહેતી નથી. ક્યારેક અમારાથી ભૂલ થાય તો તું અમને માફ કરજે, અમારી તરફ તું દિલ સાફ રાખજે, અને ભૂલ થાય છતાં અમારી પર હેત રાખી અને અમને હસાવજે. આગળ દરેકની દિનચર્યા કેવી હોવી જોઈએ એ વિશે વાત કરતા કહે છે કે, સવારે ઊઠીને ભગવાનનું નામ લેવું જોઈએ, અને નિત્યક્રમથી પરવારીને પ્રભુની પાઠ પૂજા જે કંઈ કરતા હોઈએ તે કરવું. માતા પિતાનું કહ્યું કરવું એટલે કે તેમની આજ્ઞા પ્રમાણે જીવવું, અને મોટા હોય તેનો આદર કરવો માન સન્માન આપવું. શિક્ષક આચાર્ય કે ગુરુને પિતા સમાન ગણવા તો સારું જ્ઞાન મળે! અથવા તો ગુરુ પિતા તુલ્ય છે એ જ આપણું ચરિત્ર ઘડનાર છે, એ સમજ ઉચ્ચ જ્ઞાન છે. ઈશ્વર વિશેની કવિની ખોજ જેમ જેમ ઊંચી થતી જાય છે, તેમ તેને આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ સ્વરૂપે, તેમજ ભૂમિ કે ભોયરામાં બેસીને છાની છાની વાતો કરીએ, કે પછી મનમાં હજાર ઘાટ ઘડીએ, પણ ઈશ્વર બધે જ છે, અને આપણે જે ઘાટ પડ્યા હતાં, કે જે છાની છાની વાત કરી હતી, એ સઘળું જગનો તાત જાણે છે. સચરાચર સૃષ્ટિ ઈશ્વર તત્વથી ભરેલી છે, એમાં કણ જેટલી પણ જગ્યા ખાલી નથી, જગકર્તા વિના એક પણ ઠામ ખાલી નથી! કવિએ કયા સંદર્ભમાં લખ્યું છે એ આપણે જાણતા નથી, પરંતુ આ માનવ દેહને પણ ઘડો કહેવાયો છે, એટલે કવિ કદાચ કહેતા હોય કે નાનો મોટો, કે સારો ખરાબ, કોઈ ઘડો એટલે કે કોઈ માનવી જગકર્તા ઈશ્વર વિનાનો નથી, આવું મને સમજાય છે. અમે જ્યારે નિંદ્રામાં હતાં, તન ભાન હતું નહીં, ત્યારે પણ તે અમારું પૂર્ણપણે રક્ષણ કર્યું. સ્થૂળ નિંદ્રા ની વાત તો છે જ પરંતુ સાથોસાથ ભોગ નિંદ્રા અને મોહ નિંદ્રાની પણ અહીં વાત છે. ભોગ અને મોહ બંને નિશા જેમ આસપાસ અંધકારનું સર્જન કરે છે, આ ઉપરાંત ચંદ્રની કલાને જેમ ચડતા ક્રમમાં વધતી બતાવી છે, એ જ રીતે ભોગ અને મોહની લાલસા પણ વધતી જ જાય છે, અને એજ તો સાચી રાત્રી છે, અથવા તો એ જ તો સાચો અંધકાર છે. આપણે આવા અંધકારમાં હોઈએ, ત્યારે પણ ઈશ્વરે આપણું રક્ષણ કર્યું છે. આપણે ક્યાંય પદગ્રસ્ત ન થઈ જઈએ, અનાચરણ ન કરી બેસીએ કે પછી કોઈની વાતમાં ન આવી જઈએ, એ રીતે તેને આપણું રક્ષણ કર્યું, અને એટલે આપણું પતન થયું નહીં. મોહ નાશ પામે કે દુઃખ નાશ પામે, ત્યારે સાચું પ્રભાત થતું હોય છે. અને બધાં જ કામ પડતાં મુકીને આ પ્રભાત ટાણે હું ઈશ્વરને યાદ કરું, તેને ભજવો એ જ મારી પ્રાથમિકતા હોય! ચરણ આપણાં આચરણની બદલે દિશાહીન થઈ ગયાં છે, અને એટલાં માટે આપણે જે હજુરી કરવી પડે છે. જે સંસ્કૃતિ આપણને ઈશ્વરથી અહીં કોઈ મોટું નથી, એ જ્ઞાન જન્મથી આપતી હતી, એની બદલે આપણે આપણા ભોગ વિલાસની વધુને વધુ ઈચ્છાથી ખુશામત ખોર થઈ ગયા છીએ. ક્યારેક કોઈ સત્તાની લાલચમાં, અથવા તો સત્તા પર બેઠા હોય, એની ખુશામત કરીને આપણું ધાર્યું કરાવી લેવું, એવી આપણી નિયત થતી જાય છે, જે આપણને ઉપરથી નીચે ક્યારે ધકેલી દેશે, અથવા તો પતનની ખાઈમાં પાડશે, એનો પણ આપણને વિચાર નથી આવતો! અથવા તો વિચાર આવે છે, પણ અણ દેખ્યું કરીને પણ ભોગને પ્રાધાન્ય આપવામાં આવે છે. તો આ સીધાસાદા શબ્દોના સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એ ત્રિપરિમાણીય અર્થ કરી સાચે જાગીએ, એ રીતે જાગીને પ્રભાતને માણીએ, અને ઈશ્વર તત્વની મોટાઈને સ્મરીને સાપેક્ષ જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.



---

### પતિવ્રતા ધર્મ ચિત્તશુદ્ધિ માટે છે અને ચિત્તશુદ્ધિ પ્રભુપ્રાપ્તિ માટે છે, એ પ્રભુપ્રાપ્તિ તો અમને તમારાં દર્શનથી થઈ

# સ્ત્રી પોતાનાં બાળકોને ધર્મનું શિક્ષણ આપે એ જ મોટામાં મોટી સેવા છે, પતિની સેવાથી ચિત્તશુદ્ધિ અને ચિત્તશુદ્ધિથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પરમાત્મા ન મળે ત્યાં સુધી ધર્મ પાળવાનો, પણ તમે તો અમને મળેલા છો, આપ પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા, સાચા પતિ હવે સ્ત્રીધર્મ પાળવાની જરૂર નથી કે હવે ઇતરમાં ભાવના કરવાની રહી નથી, આપનાં દર્શન યો ન હતાં, તર્યા સુધી બીજામાં અમે તમારી ભાવના કરતાં હતાં.**

હે ઈશ્વર.

આ સંસારના વિષયોનો આમનથી ત્યાગ ન કરે ત્યાં સુધી ભક્તિ થતી નથી. મનુષ્ય બહારથી ત્યાગ કરે છે, પણ મનથી ત્યાગ કરતો નથી. તેથી તે ભક્તિ બરાબર કરી શકતો નથી.શરીરનો ત્યાગ કરે પણ મન થી ત્યાગ ન કરે તો એ દંભ છે. મનથી ત્યાગ કરે એ સાચો ત્યાગ તમારું મન કેવું છે, તમારું મન ક્યાં છે તે મહત્ત્વનું છે. તમારું મન ગમે ત્યાં જાય પણ ઈશ્વરથી દૂર ન જાય. વૃત્ત અને અવૃત્ત નામના બે બ્રાહ્મણ જાત્રા કરવા પ્રયાગરાજ જાય છે. આજે જન્માષ્ટમીએ જ પ્રયાગ પહોંચી વેણી માધવનાં દર્શન કરવાં છે. ચાલતાં ચાલતાં રાત પડવા આવી. પ્રયાગરાજ હજુ થોડું દૂર ચાલ્યા હશે તેવામાં રસ્તામાં એક વેશ્યાનું ઘર આવ્યું. અવૃત્તે કહ્યું, વરસાદ બહુ પડે છે. અંધારું છે, રસ્તો દેખાતો નથી. હું તો અહીં જ મુકામ કરું છું. વૃત્ત કહે છે, હું તો આગળ જઈશ. વૃત્ત આગળ ચાલ્યો. રાત્રે ને રાત્રે એ પ્રયાગ પહોંચી ગયો અને તેણે પ્રયાગરાજના મંદિરમાં મુકામ કર્યો.અવૃત્ત કે જેને વેશ્યાના ઘરમાં મુકામ કરેલો તે પસ્તાવો કરવા લાગ્યો.ધિક્કાર છે મને!જન્માષ્ટમીના દિવસે હું વેશ્યાના ઘરમાં બેઠો! હું કેટલો બધો અભાગી છું! મારો મિત્ર કેટલો ભાગ્યશાળી છે! તે અત્યારે પ્રભુનાં દર્શન કરતો હશે, પ્રભુનું મુખારવિંદ નિહાળતો હશે. મંદિરમાં મોટો ઉત્સવ થતો હશે. વૈષ્ણવો દર્શન કરવા આવ્યા હશે. રાધાકૃષ્ણની ઝાંખી કરતા હશે. અવૃત્ત આમ ભાવનામાં તન્મય થાય છે. આ પ્રમાણે જે વેશ્યાના ઘરમાં બેઠો છે. તે સતત રાધામાધવનું ધ્યાન કરે છે,ત્યારે મંદિરમાં પહોંચેલો વૃત્ત શું કરે છે તે જોઈએ. વૃત્તનું ધ્યાન ઈશ્વરમાં લાગતું નથી. ચિત્ત ઈશ્વરમાં ચોંટતું નથી. તે તનથી મંદિરમાં હતો પણ તેનું મન મંદિરમાં નથી. તે વિચાર કરે છે કે, વેશ્યા હતી તો અતિ સુંદર. હું પણ ત્યાં રહ્યો હોત તો ખોટું ન હતું!આ પ્રમાણે મંદિરમાં તે વેશ્યાનું ચિંતન કરે છે. બેઠો છે મંદિરમાં પણ તેનું મન છે વેશ્યામાં! પરિણામ તમે કલ્પી શકશો. અવૃત્તને મુક્તિ મળી અને વૃત્તને અધોગતિ મળી. અવૃત્ત વેશ્યાના ઘરમાં ભગવાનનું ચિંતન કરતાં કરતાં વિષ્ણુલોકને પામ્યો, ત્યારે વૃત્ત મંદિરમાં વેશ્યાનું ચિંતન કરતાં કરતાં નરકમાં ગયો. માટે દેહશુદ્ધિ નહીં, મનશુદ્ધિ જરૂરની છે. ગોપીઓ કહે છે કે, અમારા મનમાં કોઈ વિકારવાસના નથી. અમે તમારી પાસે આવીએ છીએ. ભગવાન ગોપીઓને પૂછે છે કે, તમારા મનમાં કોઈ વિકાર નથી તેનું પ્રમાણ શું? ત્યારે ગોપી કહે છે કે, તમે જ પ્રમાણ છો. તમે અમારી અંદર બેઠાં છે. ગોપીઓ કેવી રીતે દઢતાથી જ જવાબ આપે છે તે જોવાનું છે. સંપૂર્ણ વૈરાગ્ય, સંપૂર્ણ પરાભક્તિ વિના એ શક્ય નથી. ઈશ્વર પરિપૂર્ણ વૈરાગ્ય, પરિપૂર્ણ પ્રેમ-ભક્તિ,પરિપૂર્ણ જ્ઞાન માગે છે. ગોપીઓ કહે છે કે, તમે અમારી અંદર બિરાજો છો, તમે અમારા મનના ભાવ જાણો છો. તમે અજાણ બની શા સારુ પૂછો? જાતે જ જોઈ લો ને કે અમારી અંદર શું છે ને શું નથી. શરીરનો પતિ ઘરમાં છે, પણ આત્માના સાચા પતિ તો આપ છો. આપે કહ્યું કે પતિમાં ઈશ્વરની ભાવના રાખી પતિની સેવા કરો. પતિમાં ઈશ્વરની ભાવના તે રાખે કે જેને ઈશ્વર ન દેખાય, પણ આપનાં પ્રત્યક્ષ દર્શન કર્યા પછી અન્યમાં તમારી ભાવના કરવાની જરૂર રહેતી નથી.ભાવના સદા વિયોગ માં હોય. સંયોગમાં નહીં. પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન ન થાય ત્યારે મૂર્તિમાં ભગવાનની ભાવના કરવી પડે છે, પણ તમારાં દર્શન થયા પછી હવે તમને છોડી બીજા શામાં અમે ભાવના કરીએ? અને પતિ એટલે કોણ? મૃત્યુના ભયથી રક્ષણ કરે એ જ પતિ છે તે તો આપ પરમાત્મા જ છો. જીવમાત્રના સાચા પતિ ઈશ્વર તે આપ છો.આપના વિના બીજો કોણ અમને બચાવે એવો છે? તેથી સમજીને અમે આપના ચરણનો આશ્રય કર્યો છે. ગોપીઓ કહે છે કે, પતિવ્રતા ધર્મ ચિત્તશુદ્ધિ માટે છે અને ચિત્તશુદ્ધિ પ્રભુપ્રાપ્તિ માટે છે. એ પ્રભુપ્રાપ્તિ તો અમને તમારાં દર્શનથી થઈ. હવે પાછા ચક્કરમાં શા સારું ફસાઈએ? શ્રીકૃષ્ણ કહે, મેં તમને પતિવ્રતા સ્ત્રીનો દાખલો આપ્યો કે, ઘરમાં રહી તેણે સિદ્ધિ પ્રાપ્ત કરેલી. તમે પણ તેવી સિદ્ધિ પ્રાપ્ત કરો.પુરુષ કરતાં સ્ત્રીન સિદ્ધિ સુલભ છે. ઘરમાં રહીને ઘરના પ્રત્યેક જીવને ઈશ્વરરૂપે માની સેવા કરે તો પ્રભુની પ્રસન્નતા વહેલી પામશે.પૈસો કમાતાં પુરુષ જે કાંઈ પાપ કરે તેમાં સ્ત્રીનો ભાગ નથી હોતો, પણ જે સ્ત્રી પતિને પરમાત્મા ગણી તેની સેવા કરે છે તેને પતિના પુણ્યમાં ભાગ મળે છે. સ્ત્રીધર્મ શ્રેષ્ઠ છે. સ્ત્રી પોતાનાં બાળકોને ધર્મનું શિક્ષણ આપે એ જ મોટામાં મોટી સેવા છે. પતિની સેવાથી ચિત્તશુદ્ધિ અને ચિત્તશુદ્ધિથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. શ્રીકૃષ્ણ ગોપીઓની આકરી કસોટી કરે છે. કઈ કઈ રીતે તેમને ચકાસી જુએ છે,પણ ગોપીઓ સર્વથા સર્વભાવ શ્રીકૃષ્ણમય થઈ ચૂકી છે. પરદેશ ગયેલા પતિના વિરહમાં તેની છબી સામે બેસી તેનું જ ચિંતન કરતી પત્ની, પતિ પોતે આવીને બારણું ઠોકે તો શું કરશે? છબીને છોડી એ તરત પ્રત્યક્ષ પતિની સેવામાં ખડી થઈ જશે, તેવી રીતે ગોપીઓ કહે છે કે, ઘરના પતિઓ કાગળની છબી જેવા છે. પરમાત્મા મળ્યા પછી લૌકિક પતિ એ ચિત્ર જેવો છે. તેથી હવે કોઈની સામે જોવા ઈચ્છતા નથી. આપ ઈશ્વર મળ્યા, જીવ ઉપર નિઃસ્વાર્થ પ્રેમ કરનાર સાચા પતિ મળ્યા. તે પછી લૌકિક પતિની સેવા કરવાની હોય નહીં. તમારાં દર્શન થયા પછી લૌકિક પતિમાં શું ભાવના રાખવી! તે શું કામની! પરમાત્મા પ્રત્યક્ષ જેને ન દેખાય તો પતિમાં પરમાત્માની ભાવના રાખે, ઈશ્વર પ્રત્યક્ષ દેખાય પછી તેને કોઈ વસ્તુમાં ઈશ્વર ભાવના કરવાની હોય નહીં. ભાવના એ સંયોગમાં કરવાની હોતી નથી, ભાવના વિયોગમાં થાય. ગોપીઓ કહે છે કે, નાથ,અમે સર્વનો ત્યાગ એટલે કે સ્ત્રીત્ત્વનો પણ ત્યાગ કરીને આવીએ છીએ. જે સ્ત્રી નથી, જે પુરુષ નથી. જે શુદ્ધ ચેતન આત્મા છે તેને સ્ત્રીધર્મ શું? પુરુષધર્મ શું?સ્ત્રી હોય તે સ્ત્રીધર્મનું પાલન કરે. અમે તો શુદ્ધ ચેતન આત્મા છીએ. પરમાત્મા ન મળે ત્યાં સુધી ધર્મ પાળવાનો, પણ તમે તો અમને મળેલા છો. આપ પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા. સાચા પતિ હવે સ્ત્રીધર્મ પાળવાની જરૂર નથી કે હવે ઈતરમાં ભાવના કરવાની રહી નથી. આપનાં દર્શન યો ન હતાં, તર્યા સુધી બીજામાં અમે તમારી ભાવના કરતાં હતાં. હવે તમને કયું એટલે તને એગવા ક્યાં જઈએ? તમે સાધ્ય છો, ધર્મ તો સાધન છે. અમે સ્વ-ધર્મનું પાલન કર્યું એટલે તો "મારો સાક્ષાત્કાર થયો છે. ભગવાન કહે છે કે, જો હું તમારો સાચો પતિ હોઉં તો મારું કહ્યું તમારે માનવું પડે ને? હું તમને " છું કે તમે ઘરે જઈ તમારા પતિની સેવા કરો ગોપીઓ કહે છે કે, આપ કહો તો અમે ઘરે જવા તૈયાર છીએ,પરંતુ લૌકિક પતિની સેવા કરવા માટે મનની તો જરૂર પડને ને? તે તો આપે ચોરી લીધું છે. તો અમારું મન અમને પાછું આપો તો ઘરે જઈએ અને આપ કહો છો તેમ લૌકિક પતિની સેવા કરીએ. જે પોતાનું મન ઈશ્વરને આપે છે તેનું મન ઈશ્વરમાં મળી જાય છે. ઈશ્વર પણ તે મન પાછું આપી શકતા નથી. સાકર દૂધમાં ભળી ગયા પછી અલગ કરી શકાતીનથી તેવી જ રીતે જેનું મન શ્રીકૃષ્ણનું ચિંતન કરે છે તેનું ચિત્ત શ્રીકૃષ્ણમાં લીન થઈ જાય છે. પછી તે મનને ઈશ્વરથી અલગ કરી શકાતું નથી. તે મન ઈશ્વરથી અલગ રહી શકતું નથી. ભગવાન કહે છે,તમારું મન મારા માં ક્યાં મળી ગયું છે તેનો પત્તો મને પણ નથી.તો પાછું ક્યાંથી આપી શકું? તમારું મન પાછું આપી શકું તેમ નથી. મન પાછું આપતાં મને આવડતું નથી. ગોપીઓ કહે છે કે, તમે મને પાછું આપી શકતા નથી, તો અમે અહીં થી જઈ શકતાં નથી. અમારા પગ તમારાં ચરણકમળો છોડીને એક પગલું પણ પાછા હટવા માટે તૈયાર નથી. કદાચ તમે અમને ઊપાડીને ત્યાં પહોંચાડી દો,તો પણ ત્યાં જઈને મન વગર અમે કરીએ પણ શું? અમારું મન તમારામાં મળી ગયું છે. અમારે પણ હવે તમારામાં મળી જવું છે, તમારા સ્વરૂપમાં ઓગળી જવું છે.



# ફિલ્મ લાડલાના શૂટિંગ દરમિયાન શ્રીદેવી સહિત તમામ કરવા લાગ્યા ગાયત્રી મંત્ર

## લાડલાને રિલીઝ થયાને ૩૦ વર્ષ થયા, દિવ્યા ભારતીના મોત બાદની અજીબ ઘટના




દિગ્ગજ બોલિવૂડ અભિનેત્રી અને લાખો દિલોની ધડકન રહી ચૂકેલી દિવ્યા ભારતીનું અવસાન આજે પણ તેના ફેન્સ માટે મોટા ઝટકા સમાન છે. દિવ્યા ભારતીએ ફિલ્મ 'લાડલા'નું લગભગ ૯૦ ટકા શૂટિંગ કર્યુ હતું, પરંતુ તેના અચાનક અવસાનથી બધાને આઘાત લાગ્યો હતો. નિર્માતાઓએ શ્રીદેવી સાથે ફરીથી ફિલ્મનું શૂટિંગ કર્યુ હતુ.. દિવ્યા ભારતીના નિધનના લગભગ છ મહિના પછી શ્રીદેવી ઔરંગાબાદમાં એક સીનનું શૂટિંગ કરી રહી હતી. ત્યારે અચાનક એક ઘટના બની. રવિના ટંડન સાથે સેટ પર હાજર દરેક લોકો ચોંકી ગયા અને ગાયત્રી મંત્રનો જાપ કરવા લાગ્યા. રવિના ટંડને એક ઈન્ટરવ્યુમાં આ સમગ્ર ઘટનાનો વિગતવાર ખુલાસો કર્યો હતો. ફિલ્મ 'લાડલા'ને રિલીઝ થયાને ૩૦ વર્ષ થઈ ગયા છે. આમાં શ્રીદેવી લીડ રોલમાં હતી પરંતુ તે આ ફિલ્મ માટે નિર્માતાઓની પહેલી પસંદ નહોતી. ફિલ્મ નિર્માતાએ તેનું ૯૦% શૂટિંગ દિવ્યા ભારતી સાથે કર્યું હતું, પરંતુ તેના અચાનક અવસાનથી બધી જ વસ્તુઓ અસ્તવ્યસ્ત થઇ ગઇ. લોકોએ ફિલ્મ બંધ કરવાની સલાહ આપી, પરંતુ એડિટિંગ ટેબલ પર બેઠેલા ડિરેક્ટર-પ્રોડ્યુસરને ખબર હતી કે, આ ફિલ્મ સુપ રહિટ થશે. તેમણે શ્રીદેવીનો સંપર્ક કર્યો અને તેને આ ફિલ્મ કરવા કહ્યું. શ્રીદેવી અને દિવ્યા ભારતી વચ્ચે ઘણી સમાનતાઓ હતી. બંને માત્ર દેખાવમાં સમાન ન હતા પરંતુ પ્રતિભામાં પણ એકબીજા સાથે ટક્કર હતી. સ્ક્રિપ્ટ સાંભળ્યા બાદ શ્રીદેવી ફિલ્મ માટે હા પાડી દીધી. ફિલ્મના લેખક અનીસ બઝમીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, દિવ્યાની ખોટ અને ફિલ્મ અધૂરી રહેવાથી નિર્માતા સહિત કલાકારો અને ક્રૂ દુખી હતા. હું દિગ્દર્શક રાજ કંવલ અને નિર્માતા નીતિન મોહન સાથે બેઠો અને શ્રીદેવીની અભિનય ક્ષમતા મુજબ ઘણા સીન ફરીથી લખ્યા. ફિલ્મ 'લાડલા'ના શૂટિંગ દરમિયાન સેટ પર એક ચોંકાવનારી ઘટના બની હતી. દિવ્યા ભારતી જે સીનનો ડાયલોગ બોલતી વખતે મૂંઝવણમાં મૂકાઈ હતી, શ્રીદેવી પણ તે જ ડાયલોગમાં ડઘાઈ ગઈ હતી. આ ઘટનાથી રવિના ટંડન સહિત તમામ લોકો પણ ચોંકી ગયા હતા. ત્યારપછી લાડલાની ટીમના મેમ્બરો શાંતિ માટે મંત્ર જાપ કરવાનું શરૂ કર્યું અને નારિયેળ વધેરીને સેટને શુદ્ધ કર્યો. રવિના ટંડને મુંબઈ મિરર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, 'પહેલા શૉટ દરમિયાન દરેક વ્યક્તિ ભાવુક થઈ ગયા હતા, કારણ કે દિવ્યા ભારતીના આકસ્મિક નિધન બાદ તેની જગ્યાએ શ્રીદેવી આવી ગઈ હતી. એ સીનને યાદ કરતાં રવિના ટંડન કહે છે, 'દિવ્યા, શક્તિ કપૂર અને મેં ઔરંગાબાદમાં એક સીન શૂટ કર્યો હતો, જેમાં તે અમને નોકરીમાંથી કાઢી મૂકે છે. આ સીન શૂટ કરતી વખતે દિવ્યા વારંવાર ડાયલોગની લાઈનમાં અટવાઈ રહી હતી અને તેને ઘણી વખત રીટેક આપવો પડ્યો હતો. રવીના આગળ કહે છે, 'લગભગ છ મહિના પછી અમે તે જ ઓફિસમાં શ્રીદેવી સાથે એ જ સીન શૂટ કરી રહ્યા હતા. તે સમગ્ર ઘટના એકદમ ચોંકવનારી હતી. કારણ કે શ્રીદેવી પણ વારંવાર એ જ લાઈનમાં અટકી રહી હતી. રવીનાએ આખરે ખુલાસો કર્યો કે, શક્તિ કપૂરના કહેવા પર બધાએ ગાયત્રી મંત્રનો જાપ શરૂ કર્યો અને સેટ પર નારિયેળ તોડીને તેને શુદ્ધ કર્યું. તમને જણાવી દઈએ કે, દિવ્યા ભારતી ૫ એપ્રિલ, ૧૯૯૩ના રોજ પોતાના એપાર્ટમેન્ટના પાંચમા માળેથી પડી ગઈ હતી અને તેનું અવસાન થયું હતું.

# ફિલ્મના ટ્રેલરમાં અક્ષય અને ટાઇગરના એક્શન સીન જોઇને રૂંવાડા ઉભા થઇ જશે



અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'નું દમદાર ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. આખરે ફેન્સના આતુરતાનો અંત આવી ગયો છે. સોશિયલ મિડીયામાં આ ટ્રેલર આવતાની સાથે છવાઈ ગયુ છે. ફેન્સ આ મુવીને લઈને સુપર એક્સાઈટેડ છે. ટ્રેલર અનુસાર 'બડે મિયાં છોટે મિયાં'માં અક્ષય કુમાર બડે મિયાં અને ટાઈગર શ્રોફ છોટે મિયાં છે જેમનો એક્શન અવતાર જોઈને તમારા રૂંવાડા ઉભા થઈ જશે.



ઉલ્લેખનીય છે કે, અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની અપકમિંગ ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મના પ્રમોશન માટે એક્ટર્સ અનેક ઘણી તૈયારીઓમાં લાગી ગયા છે. થોડા દિવસ પહેલાં મેકર્સે ટાઈટલ ટ્રેક રિલીઝ કર્યુ હતુ જે એક પાર્ટી એન્થમ થીમ હતુ. જો કે ત્યારબાદ મેકર્સે નવુ સોન્ગ રિલીઝ કર્યુ હતુ. આ ગીતમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફના ડાન્સ સ્ટેપ્સ જોઈને તમે ખુશ થઈ જશો. આ ગીતનું નામ મસ્ત મલંગ ઝૂમ છે. આ ગીત રિલીઝ થતાની સાથે સોશિયલ મિડીયામાં છવાઈ ગયુ હતુ. ટ્રેલરમાં રોનિત રોયે અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફને કમાન્ડિંગ ચીફના રૂપમાં બતાવ્યા છે જે દુશ્મનને હરાવવા માટે એમના સૌથી સારા અધિકારીઓ અક્ષય અને ટાઈગરને નિયુક્ત કરે છે. આ સિવાય ટ્રેલરમાં એક-એક સીન હટકે છે. માનુષી પણ આ મિશનમાં અક્ષય અને ટાઈગરનો સાથ આપવાની છે. આ સિવાય સોનાક્ષી સિન્હાને એક રોબોટના રૂપમાં બતાવવામાં આવી છે. આ ફિલ્મને અલી અબ્બાસ જફરે નિર્દેશિત કરી છે. પૂજા એન્ટરટેનમેન્ટ આ ફિલ્મને પ્રોડ્યુસ કરી રહી છે. ફિલ્મમાં અલાયા એફ, સોનાક્ષી સિન્હા અને માનુષી છિલ્લર પણ છે. આ ફિલ્મમાં એક સાથે ત્રણ હસીનાઓનો તડકો જોવા મળશે. ઉલ્લેખનીય છે કે છેલ્લે અક્ષય કુમાર મિશન રાનીગંજમાં જોવા મળ્યો હતો. આ વર્ષે અક્ષય કુમારની ત્રણ મોટી ફિલ્મો રિલીઝ થઈ. આમાં સેલ્ફી અને ઓહ માય ગોડ ૨ શામેલ છે. સેલ્ફી પડદા પર કંઈ ખાસ કમાલ કરી શકી નહીં, પરંતુ ઓએમજી ૨ને ફેન્સને અઢળક પ્રેમ મળ્યો. આમ, અક્ષય કુમારની આગામી ફિલ્મોની વાત કરીએ તો વેલકમ ટૂ જંગલ, હેરા ફેરી ૩ છે.

# ઈમરાન હાશમી ૧૫ ફ્લોપ આપ્યા બાદ વિલન બનીને જીતી રહ્યો છે લોકોનું દિલ

એ ફિલ્મી સ્ટાર જેણે પોતાના કરિયરની શરૂઆત બિપાશા બાસુ સાથે વર્ષ ૨૦૦૩માં કરી હતી. જોકે પહેલી ફિલ્મમાં હીરો બનવાનો ચાન્સ તેને સજાના રૂપે મળ્યો હતો. તે સમયે પ્રોડ્યુસરે તેને ફિલ્મમાંથી કાઢી દેવાની ધમકી પણ આપી દીધી હતી. વર્ષ ૨૦૦૩માં બિપાશા બસુની સાથે ફિલ્મ 'ફૂટપાથ' થી પોતાના સિનેમાના કરિયરની શરૂઆત કરનારો એ એક્ટર કોઈ બીજુ નહીં પરંતુ ઈમરાન હાશમી છે. પોતાના કરિયરમાં તેણે ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યુ હતું. પરંતુ પહેલી ફિલ્મમાં તેને ખૂબ જ ડરીને કામ કર્યુ હતું. ફિલ્મ મર્ડરથી ઈમરાન હાશમી રાતોરાત સુપરસ્ટાર બની ગયો. ફિલ્મોમાં તેના કિસિંગ સીન્સનો અલગ જ ફેન બેઝ છે. હંમેશા ગેંગસ્ટર, ઝહર, રાઝ ૩, આશિક બનાયા જેવી તમામ હિટ ફિલ્મે તેના કરિયરને નવી ઉંચાઈ આપી. પરંતુ એક સમય એવો પણ આવ્યો કે તે ધીમે-ધીમે ફિલ્મોમાં દેખાવાનું બંધ થઈ ગયો. મહેશ ભટ્ટ સંબંધમાં ઈમરાન હાશમીના મામા થાય છે. ફિલ્મની શૂટિંગ દરમિયાન તેણે ઈમરાનને સ્પષ્ટ રીતે કહી દીધું હતું કે, કામ સારૂ ન કર્યુ તો તને ફિલ્મમાંથી બહાર કાઢી દઈશ. તેના માટે તને પહેલા સીનમાં પોતાનું બેસ્ટ આપવું પડશે. કારણકે, તેનાથી જ તને ફાઈનલ કરવામાં આવશે. ઈમરાને પોતાના જ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો. તેણે જણાવ્યું કે, તે સમયે તેને કહેવામાં આવ્યુ હતું કે જો તને ઓડિસનમાં પસંદ કરવામાં નહીં આવશે તો અમે તારા પર ફાલતુમાં પૈસા નહીં લગાવીએ. પછી એક્ટિંગ ભૂલી જજે. ઈમરાને જણાવ્યું કે તેના મનમાં ડર બેસી ગયો હતો, આ ડરમાં તેને પહેલી ફિલ્મ મળી હતી અને તેના માટે આગળના રસ્તા સરળ થઈ ગયા હતાં. ફિલ્મ મર્ડરથી ઈમરાન રાતોરાત સુપરસ્ટાર બની ગયો. ત્યારબાદ તે અક્સર, ગેંગસ્ટર, ઝહર, રાઝ ૩, આશિક બનાયા જેવી ઘણી હિટ ફિલ્મોમાં જોવા મળ્યો હતો.



### ૧૨ વર્ષ નાની છોકરી સાથે લગ્ન કર્યા

# પ્રકાશ રાજ એક એવો વિલેન જેની આગળ ભલભલા હીરો પણ પાણીમાં બેસી જાય

## પડદા પર પ્રકાશ રાજની એક્ટિંગ તો સૌ કોઈ જાણે છે કે અસલ જિંદગીમાં પ્રકાશ ખૂબ જ કડક માણસ છે



બોલીવુડમાં ૯૦ના દાયકામાં ખલનાયક આપણે જેને ગુંડાવાળા પાત્રો કહી તેમાં અમરીશ પુરીનું સૌથી પહેલા આવશે. રુઆબદાર અવાજ, ખતરનાક ભાવ અને ડરામણો ચહેરો ખલનાયકનું રુપ બની ગયું હતું. અમરીશ પુરીએ ખલનાયકના પાત્રોને એટલી ઊંચાઈએ પહોંચાડી દીધા છે કે તેમના પછી હવે બીજો વિલેન શોધવો દર્શકો માટે મુશ્કેલ થઈ ગયું છે. બાદમાં વર્ષ ૨૦૦૯માં આવેલી સલમાન ખાનની વોન્ટેડ ફિલ્મે સૌનું ધ્યાન ખેંચ્યું. ખલનાયકીનો એજ જુનો અંદાજ અને લીકથી હટીને એક્ટીંગનો નમનો જોઈ દર્શકોના મગજમાં એક નવા વિલનનો ચહેરો છપાવા લાગ્યો. આગળ જતાં આ વિલેન ખલનાયકીનો કિંગ બન્યો. અમે વાત કરી રહ્યા છીએ પ્રકાશ રાજની. પ્રકાશ રાજે બોલીવુડ સહિત કુલ પાંચ ભાષાઓની ફિલ્મોમાં અલગ અલગ પ્રકારના પાત્રો નિભાવ્યા છે. પણ ખલનાયકીમાં પ્રકાશ રાજનો કોઈ તોડ નથી. આજે પણ પ્રકાશ રાજને બોલીવુડના સૌથી ખૂંખાર વિલન તરીકે ગણવામાં આવે છે. પ્રકાશ રાજના કેટલાય કિરદાર આજે પણ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે. પડદા પર પ્રકાશ રાજની એક્ટિંગ તો સૌ કોઈ જાણે છે કે અસલ જિંદગીમાં પ્રકાશ ખૂબ જ કડક માણસ છે. ૫ વાર નેશનલ એવોર્ડ જીતનારા પ્રકાશ રાજને તેમના નિવેદનને લઈને ૬ વાર ઈંડસ્ટ્રીમાંથી બેન થઈ ચુક્યા છે. પણ પોતાના આદર્શોની પૂજા કરનારા પ્રકાશ રાજે ક્યારે પણ સંકટોથી ડરીને પોતાનું નિવેદન બદલ્યું નથી. આજે પ્રકાશ રાજનો જન્મ દિવસ છે. ૨૬ માર્ચ ૧૯૬૫ના બેંગલુરુમાં જન્મેલા પ્રકાશ રાજની સ્કૂલિંગ બેંગ્લુરુમાંથી થઈ. સ્કૂલના દિવસોથી જ પ્રકાશ રાજને એક્ટિંગ માટે થિયેટર્સમાં કામ કરવા લાગ્યા. અહીંથી ધાર આપતા પ્રકાશ રાજનું ફિલ્મી કરિયર શરુ થયું. પ્રકાશ રાજે તમિલ, તેલુગુ અને કન્નડ સહિત મલયાલી ફિલ્મોમાં નાના મોટા રોલ શરુ કર્યા હતા. ફિલ્મોમાં નાના પાત્રોમાં પણ તનતોડ મહેનત કરનારા પ્રકાશ રાજને લોકોએ ઓળખી લીધા.



# લગ્ન કર્યા વિના જ બની ગઈ હતી મમ્મી



આઈપીએલ શરુ થતાં આજ એક એક્ટ્રેસનું નામ ફરીથી ચર્ચામાં આવ્યું છે. તે કેટલાય વર્ષોથી પોતાની આઈપીએલ ટીમ સંભાળી રહી છે. તે આઈપીએલની ગ્લેમર ગર્લ છે. પણ તેના ચુલબુલ સ્વભાવ અને હસમુખા ચહેરાની પાછળ એક સંવેદનશીલ માતા છે, જે આઈપીએલ ટીમ સાથે સાથે પોતાના ડઝનબંધ બાળકોનું ધ્યાન રાખી રહી છે, જે લગ્ન પહેલા જ તેની જિંદગીમાં આવી ચુક્યા હતા. અમે ડિંપલ ગર્લ પ્રીતિ ઝિન્ટાની વાત કરી રહ્યા છીએ, જેણે બિઝનેસમેન ઝીન ગુડએનફ સાથે લગ્ન કરીને મા બનવા માટે સરોગેસીનો રસ્તો અપનાવ્યો અને જોડીયા બાળકોની માતા ગઈ. જો કે, તે લગ્ન પહેલાથી જ ૩૪ બાળકોની માતાનું દાયિત્વ નિભાવી રહી છે, જે અનાથ અને ગરીબ હતા. પ્રીતિ ઝિન્ટા ફિલ્મોની સાથે સાથે મહિલાઓ અને બાળકોની ભલાઈ માટે કામ કરતી રહી છે તે નેક કામમાં કેટલીય સંસ્થામાં ભાગીદાર છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો તે ૩૪ બાળકોનું રહેવાનું, ખાવા-પીવાનું, ભણતરની તમામ જરુરિયાત પુરી પાડે છે, જેને તેણે વર્ષો પહેલા ખોળે લીધા હતા.

**કો-સ્ટાર આશા સચદેવ** | **મેકર્સે આ ફિલ્મ ૭૦ લાખ રૂપિયાના બજેટમાં બનાવી છે**

# તુ ફિલ્મમાં મારી બહેન બની શકે છે રિયલ લાઇફમાં નહીં



દિગ્ગજ સુપરસ્ટાર ફિરોઝ ખાન ભલે હવે આપણી વચ્ચે નથી, પરંતુ જ્યારે પણ બોલિવૂડની યાદગાર ફિલ્મોની વાત થાય છે ત્યારે ફિરોઝની ઘણી સુપરહિટ ફિલ્મોનો ઉલ્લેખ ચોક્કસથી થાય છે. ફિરોઝે લગભગ ૪ દાયકા સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર રાજ કર્યું. તેમની પહેલી ફિલ્મ ૧૯૬૦માં રિલીઝ થયેલી 'દીદી' હતી જ્યારે તેમની છેલ્લી ફિલ્મ ૨૦૦૭માં રિલીઝ થયેલી વેલકમ હતી. ફિરોઝ ખાન 'રિપોર્ટર રાજુ' (૧૯૬૨), 'સુહાગન' (૧૯૬૪), 'ઉંચે લોગ' (૧૯૬૫), 'આરઝૂ' (૧૯૬૫), 'ઓરત' (૧૯૬૭), આદમી ઔર ઈન્સાન' (૧૯૬૯)માં જોવા મળ્યા હતાં. 'મેલા' (૧૯૭૧), 'ખોટે સિક્કે' (૧૯૭૪), 'ધર્માત્મા' (૧૯૭૫), 'કુર્બાની' (૧૯૮૦), 'સફર' (૧૯૭૦), 'અપરાધ' (૧૯૭૨), 'કાલા સોના' (૧૯૭૫) 'નાગિન' (૧૯૭૬) અને 'જામબાઝ' જેવી હિટ-સુપરહિટ ફિલ્મો માટે જાણીતા છે. એક અભિનેતા હોવા ઉપરાંત, તેણે નિર્માતા અને દિગ્દર્શક તરીકે દાયકાઓ સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર રાજ કર્યું. તમને જણાવી દઈએ કે ફિરોઝ ખાનનું ૨૭ એપ્રિલ ૨૦૦૯ના રોજ કેન્સરના કારણે નિધન થયું હતું. ફિરોઝ ખાન બોલિવૂડમાં પોતાના જિદ્દી સ્વભાવ અને બેબાક અંદાજ માટે ફેમસ હતા. આ સાથે તે ફિલ્મના સેટ પર તેના કો-સ્ટાર્સ સાથે ખૂબ મજાક પણ કરતા હતાં. તેમના જિદ્દી અને હસી-મજાક વાળા સ્વભાવની તુલના અવાર-નવાર સુપરસ્ટાર રાજકુમારની સાથે કરવામાં આવતી હતી. કહેવાય છે કે આ બંને સુપરસ્ટાર કોઈને પોતાનાથી આગળ માનતા ન હતા. આ સાથે તે મોઢામાં આવે તે બોલી દેતાં. જો કે બંનેના દિલ ખૂબ જ સાફ હતા અને તેઓએ દરેકને આગળ વધવાની તક આપી અને ઘણું શીખવ્યું. આવી જ એક મજાક ફિરોઝ ખાને પોતાની કો-સ્ટાર આશા સચદેવ સાથે ત્યારે કરી હતી જ્યારે તેની સુપ રહિટ ફિલ્મ 'કશ્મકશ'નું શૂટિંગ ચાલી રહ્યું હતું. આ ફિલ્મ વર્ષ ૧૯૭૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મનું નિર્દેશન ફિરોઝ ચિનૉઈએ કર્યું હતું. આ ફિલ્મમાં ફિરોઝ ખાન સાથે શત્રુઘ્ન સિંહા, રેખા અને આશા સચદેવ લીડ રોલમાં હતા. આ સાથે, આ પહેલી અને એકમાત્ર બોલિવૂડ ફિલ્મ છે, જેમાં ફિરોઝ ખાન-શત્રુઘ્ન સિંહા સાથે જોવા મળ્યા છે. આ ફિલ્મ પછી બંનેને ક્યારેય એકબીજા સાથે જોવાનો મોકો મળ્યો નથી. 'કશ્મકશ' એ જ ફિલ્મ છે જે જેમ્સ હેડલી ચેઝની નવલકથા 'ટાઈગર બાય ધ ટેલ' પર આધારિત છે.

### કોચ સાથેની તસવીરો થઇ રહી છે વાયરલ

# રણબીર કપૂર લઇ રહ્યો છે ખાસ ટ્રેનિંગ



રણબીર કપૂર એનિમલની સકસેસને ખૂબ એન્જોય કરે છે. આ મુવી પછી રણબીરનું ફેન ફોલોઈંગ ખૂબ વધી ગયુ છે. જો કે હવે ફેન્સ રણબીર કપૂરની અપકમિંગ મુવીને લઈને સતત ચર્ચાઓ કરી રહ્યા છે. એનિમલ પછ એક બ્રેક લીધા બાદ એક્ટર નવી ફિલ્મની તૈયારીઓમાં લાગી ગયા છે. આ ફિલ્મની પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. દીકરી રાહા સાથે સમય પસાર કરીને હવે રામાયણ મુવી માટે સ્પેશિયલ તૈયારીઓ કરી રહ્યો છે. આ ફિલ્મમાં ભગવાન રામના રોલમાં નજરે પડશે. જો કે આ મુવીને લઈને રણબીર કપૂર સતત તૈયારીઓમાં લાગી ગયો છે. બ્લોકબસ્ટર ફિલ્મ એનિમલની સફળતા પછી એક્ટર રણબીર કપૂર હાલમાં તીરંદાજી શીખી રહ્યો છે. સોશિયલ મિડીયા પર શેર કરેલી તસવીરમાં તીરંદાજી કોચની સાથે જોવા મળી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે આ તૈયારીઓ ફિલ્મ રામાયણ માટે છે. આ ખાસ ટ્રેનિંગ છે જેમાં રામની ભૂમિકા માટે તિરંદાજી પ્રોપર રીતે શીખવું પડે છે. આમ પોતાની એક્ટિંગથી લોકોને ખુશ કરનાર રણબીર એકદમ પૂરા મનથી આ પાત્રને ભજવશે એવું લાગી રહ્યું છે. મિડીયા રિપોર્ટ્સ અનુસાર ફિલ્મ લાંબા સમયથી પ્રી પ્રોડક્શન સ્ટેજમાં છે આનું પ્રોડ્ક્શન અને કાસ્ટિંગને કારણે મોડુ થઇ રહ્યું છે. ફિલ્મમાં રણબીર જ્યાં ભગવાન રામની ભૂમિકા નિભાવશે અને એક્ટ્રેસ સાઈ પલ્લવી સીતાની ભૂમિકામાં જોવા મળશે એવી વાત સામે આવી છે. આ ફોટોને એક્સ પર એક ફેને શેર કર્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે આ તસવીર રણબીરની રામાયણની તૈયારીઓની છે. તસવીરમાં રણબીરને તીરંબાજીના કોચ સાથે પોઝ આવતો જોવા મળી રહ્યો છે. આ એક તસવીરમાં ટેબલ પર મુકેલા તીર પણ નજરે પડી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રણબીર કપૂર એનિમલમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં રણબીરને એક્ટિંગ લોકોને ખૂબ પસંદ પડી હતી.

**રણબીર એનિમલમાં જોવા મળ્યો હતો, આ ફિલ્મમાં રણબીરને એક્ટિંગ લોકોને ખૂબ પસંદ પડી હતી**



### અમદાવાદ શહેર - જિલ્લામાં ૧,૦૫,૫૬૯ મતદારો પ્રથમ વખત મતદાન કરશે

# પ્રથમ વખત મતદાન કરનારની સૌથી વધુ સંખ્યા દસક્રોઈ વિધાનસભા વિસ્તારમાં ૮,૧૦૪ સૌથી ઓછા અસારવા વિધાનસભામાં ૨૮૪૨

## યુવા મતદારોમાં 'મતદાન એ ફરજ'નો ભાવ અને જુસ્સો ઊભો થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત : જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી

। અમદાવાદ, તા.૨૭ ।

લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સર્વગ્રાહી કામગીરી હાથ ધરાઈ છે. ચૂંટણી પ્રક્રિયામાં સૌથી મહત્ત્વનું પરિબળ એટલે મતદાર અને મતદાન. અમદાવાદ શહેર જિલ્લામાં મતદારોનું વૈવિધ્ય જોઈએ તો કુલ ૬૦,૩૯,૧૪૫ મતદારો પૈકી ૩૧,૩૩,૨૮૪ પુરુષ અને ૨૯,૦૫,૬૨૨ મહિલાઓ મતદારો છે જ્યારે ૧,૦૫,૫૬૯ મતદારો એવા છે કે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. ૧૮થી ૧૯ વર્ષની વય જૂથના આ મતદારોમાં મતદાનનો અનન્ય ઉત્સાહ છે. અમદાવાદ શહેર અને જિલ્લાની કુલ ૨૧ વિધાનસભા બેઠકો પૈકી અમદાવાદ પૂર્વમાં પાંચ વિધાનસભા બેઠકોનો, અમદાવાદ પશ્ચિમમાં સાત બેઠકોનો, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં પાંચ બેઠકોનો, સુરેન્દ્રનગર લોકસભા વિસ્તારમાં બે બેઠકોનો અને ખેડા જિલ્લાની લોકસભા વિસ્તારમાં બે બેઠકોનો સમાવેશ થાય છે. એ દૃષ્ટિએ અમદાવાદ શહેર અને જિલ્લાનો વિસ્તાર પાંચ લોકસભા બેઠકોને સમાવે છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરનારા ૧,૦૫,૫૬૯ મતદારો પૈકી ૬૪,૮૩૯ પુરુષ અને ૪૦,૭૨૭ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે વિરમગામ, સાણંદ અને વેજલપુર વિધાનસભા પૈકી પ્રત્યેકમાં એક એક એમ કુલ ૩ મતદારો થર્ડ જેન્ડર છે.

દસક્રોઈ વિધાનસભા વિસ્તારમાં સૌથી વધુ ૮,૧૦૪ અને અસારવામાં સૌથી ઓછા ૨૮૪૨ મતદારો પ્રથમ વખત મતદાન કરનારા મતદારો છે. દસક્રોઈ ઉપરાંત સાણંદ, ઘાટલોડિયા, વટવા અને ધોળકા વિધાનસભા વિસ્તારમાં સાત હજારથી વધુ મતદારો એવા છે કે જેઓ પ્રથમ વખત મતદાન કરશે.

અન્ય વિધાનસભા વિસ્તારની વિગત જોઈએ તો વિરમગામ વિધાનસભા વિસ્તારમાં ૭,૫૫૧, સાણંદ વિધાનસભા વિસ્તારમાં ૭,૧૬૬, ઘાટલોડિયામાં ૭,૧૯૫, વેજલપુરમાં ૬,૬૯૫, વટવામાં ૭,૧૬૧, એલિસબ્રિજમાં ૩,૭૪૫, નારણપુરામાં ૩,૦૬૯, નિકોલમાં ૪,૦૬૪, નરોડામાં ૪,૨૮૬, ઠક્કરબાપાનગરમાં ૩,૮૨૨ બાપુનગરમાં ૩,૪૩૫, અમરાઈવાડીમાં ૩,૯૦૭, દરિયાપુરમાં ૩,૬૫૧, જમાલપુર-ખાડિયામાં ૩,૪૦૯, મણિનગરમાં ૪,૧૮૬, દાણીલીમડામાં ૩,૮૩૭, સાબરમતીમાં ૪,૨૭૮, ધોળકામાં ૬,૧૫૮, અને ધંધુકા વિધાનસભા વિસ્તારમાં ૭,૦૦૮ યુવા મતદારો પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરશે.

અમદાવાદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવીણા ડી.કે.એ જણાવ્યું છે કે શહેર-જિલ્લામાં પ્રથમ વખત મતદાન કરનારા મતદારો તરફ પણ વિશેષ ધ્યાન અપાયું છે. ૧૮થી ૧૯ વર્ષની વયજૂથ ઉપરાંતના યુવા મતદારોમાં 'મતદાન એ ફરજ'નો ભાવ અને જુસ્સો ઊભો થાય, તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

# કાંકરેજ તાલુકાના માંડલા ગામે બે મંદિરે તસ્કરો ત્રાટક્યા



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૭ ।

જાણવા મળતી માહિતી અનુસાર થરા પોલીસ સ્ટેશન હદમાં આવેલ કાંકરેજ તાલુકાના માંડલા ગામે એક જ રાતમાં બે મંદિરને તસ્કરોએ નિશાન બનાવતાં ગ્રામજનોમાં ભારે આક્રોશની લાગણી જોવા મળી હતી.તસ્કરો ગામમાં આવેલ અંબાજી માતા મંદિરનો નકુચો તોડી દાગીનાં તથા દાન પેટી તોડેલ જ્યારે રામાપીર મંદિરમાંથી ચાંદીના છતર અને દાન પેટી તોડેલ રોકડ રકમ લઈ ગયા હોવાનું જાણવા મળતાં ગામના સરપંચ પુજારી સહિત આગેવાનોએ થરા પોલીસ સ્ટેશન જાણ કરતાં થરા પોલીસે સીસીસી કેમેરા તથા અન્ય રીતે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# વવિયા મુવાડા ગામે સુંદરકાંડ






તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

સંતરામપુર તાલુકાના વાવિયા મુવાડા ગામે તા. ૨૬-૩-૨૪ના રોજ સાંજે સુંદરકાંડનું પારાયણ શ્રી પરેશભાઈ હીરાભાઈ પટેલના નિવાસ સ્થાને રાખવામાં આવેલ હતું. કડાણા સુંદરકાંડ મંડળ દ્વારા ૭-૩૦ કલાકે સંગીતમય શૈલીમાં પારાયણ કર્યું. જેમાં ગામના તેમજ આજુબાજુ વિસ્તારના ભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. શ્રી માનવેન્દ્રકુમાર એ. જોષી તેમજ શ્રીમતી નીતાબેન, સવિતાબેન, વર્ષાબેન, સતિષભાઈ, ગીરીશભાઈ ઉપરાંત આશાબેન, પુર્ણિમાબેન, કાશ્મીરા બેન વગેરેએ સુરીલા સ્વરે કીર્તન રસપાન કર્યું હતું. અંતે થાળ આરતી બાદ યજમાન દંપતિ દ્વારા અલ્પાહારનું આયોજન કરવામાં આવેલ હતું. સૌ ભક્તો ભક્તિમાં લીન બન્યા હતા.

# ઝાલોદ કોલેજના આચાર્યશ્રીનું માર્ગદર્શક વ્યાખ્યાન યોજાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પોલીસ અને પી.એસ.આઈની પરીક્ષા માટે NCC વિભાગ તરફથી આચાર્યશ્રી મધુકર પટેલ, ડો. એ.આર. મોદી સાહેબ દ્વારા માર્ગદર્શન આપતાં વ્યાખ્યાન યોજવામાં આવ્યા. આ વ્યાખ્યાનમાં ડૉ. બી. એમ. ગોહિલ અને અનિલભાઈ ડામોર સાહેબ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન લેફટ.ડો અજિતસિંહ પરમારે કર્યું હતું. આ વ્યાખ્યાનમાં NCC, NSS અને કોલેજના અન્ય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# "બ્યુટી એન્ડ ધ બીસ્ટની સમયથી પર વાર્તાની ઉજવણી કરવા નેક્સસ અમદાવાદ વન આવો

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ, ૨૭મી માર્ચ, ૨૦૨૪: નેક્સસ અમદાવાદ વન તમામ બાળકો માટે બ્રોડવે-શૈલીનું મ્યુઝિકલ થિયેટર લાઈવ પર્ફોર્મન્સ "બ્યુટી એન્ડ ધ બીસ્ટ - અનલીશ્ડ" રજૂ કરે છે. મંત્રમુગ્ધની દુનિયામાં વહી જવા માટે તૈયાર થઈ જાવ. આ મનમોહક ઈવેન્ટ ૩૦મી માર્ચ ૨૦૨૪ના રોજ સાંજે ૭:૩૦ કલાકે પ્લાઝા એરિયા, નેક્સસ અમદાવાદ વન ખાતે યોજાવાની છે.

"બ્યુટી એન્ડ ધ બીસ્ટ - અનલીશ્ડ" પ્રેમ, હાસ્ય અને પરિવર્તનકારી જાદુથી ભરેલી એક યાદગાર સફર બનવાનું વચન આપે છે. હિંમતવાન બેલેની કાલાતીત વાર્તામાં તમારી જાતને તલ્લીન કરો ,તેને બીસ્ટની અંદર રહેલી સાચી સુંદરતા શોધી કાઢી છે, જે આપણને બધા ગહન પાઠ શીખવે છે કે પ્રેમની કોઈ મર્યાદા નથી. હૃદયને મોહિત કરવા અને કલ્પનાઓને પ્રેરણા આપવાનું વચન આપતી આ યાદગાર થિયેટર ઈવેન્ટ ચૂકશો નહીં. "બ્યુટી એન્ડ ધ બીસ્ટ"ની વાર્તાની ઉજવણી કરવા માટે અમદાવાદ નેક્સસ વન આવો.

# મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે અમદાવાદના લો ગાર્ડન ખાતે નાગરિકોને અચૂક મતદાન અંગે જાગૃત કરવામાં આવ્યા





। અમદાવાદ, તા.૨૭ ।

મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ શહેર દ્વારા અમદાવાદના લો ગાર્ડન ખાતે ડૉ. એમ. આર. કુરેશી દ્વારા નાગરિકોને મતદાન જાગૃતિ અંગે માહિતિ આપવામાં આવી હતી તેમજ ફરજિયાત મતદાન અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે સીનીયર સિટીજન્સના પ્રમુખ દ્વારા લોકશાહીને જીવંત રાખવાના માટે અવશ્ય મતદાન કરવાની અપીલ કરવામાં આવી હતી.

# પશ્ચિમ રેલવે દ્વારા ૦૩ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

। અમદાવાદ, તા.૨૭ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ૦૩ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત કરવામાં આવ્યા છે. આ ટ્રેનોનું વર્ણન આ રીતે છે :

૧. ટ્રેન નંબર ૦૯૪૫૫ ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ જેને પહેલાં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૩૦ જૂન ૨૦૨૪, સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ જેને પહેલાં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૩૦ જૂન ૨૦૨૪, સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૪૧૫ બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૮ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૭ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૯૪૧૬ ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૮ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૭ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૫. ટ્રેન નંબર ૦૯૨૦૭ બાન્દ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૯ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૮ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૬. ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૮ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૭ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૫૫, ૦૯૪૫૬, ૦૯૪૧૫, ૦૯૪૧૬, ૦૯૨૦૭ અને ૦૯૨૦૮ ના વિસ્તારિત ફેરાનું બુકિંગ ૨૮ માર્ચ, ૨૦૨૪ થી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય અંગે વધુ જાણકારી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને નિરીક્ષણ કરી શકે છે.

### મતદાન મથકની મુલાકાતમાં શહેર પોલીસ કમિશનર શ્રી જી. એસ. મલિક સહભાગી થયા

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. એ લીધી ઇવીએમ સ્ટ્રોંગ રૂમ અને મતદાન મથકની મુલાકાત

## મતદાન મથક અને ઇવીએમ સ્ટ્રોંગ રૂમ ખાતે ચૂંટણી પંચની ગાઇડલાઇનનું પાલન થઈ શકે તે સંદર્ભે ચર્ચા કરાઈ





। અમદાવાદ, તા.૨૭ ।

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે. દ્વારા ઈવીએમ સ્ટ્રોંગ રૂમ અને મતદાન મથકની મુલાકાત કરવામાં આવી હતી.મતદાન મથકની મુલાકાતમાં શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક પણ સહભાગી થયા હતા.

જિલ્લા કલેકટર અને શહેર પોલીસ કમિશનર સહિતના મહાનુભાવોએ અમદાવાદ પૂર્વ લોકસભાના બાપુનગર વિધાનસભાના મતદાન મથક અને ઈવીએમ સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત BSNL IDC ડેટા સેન્ટરની પણ મુલાકાત કરવામાં આવી હતી.

મતદાન મથક અને ઈવીએમ સ્ટ્રોંગ રૂમ ખાતે કોઈ ખલેલ ન પહોંચે અને ગોપનીયતા જળવાઈ રહે તેમજ કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી આપવામાં આવેલ સૂચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે અન્વયે ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી.

આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાને લઈને પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યાં હતાં. સાથે સાથે મતદાનના દિવસે મતદાન મથક પર તમામ વ્યવસ્થાઓ સુનિશ્રિત કરી શકાય તે બાબતે પણ વિચાર-વિમર્શ કરાયો હતો. જિલ્લા કલેક્ટરશ્રી તથા શહેર પોલીસ કમિશનરશ્રી દ્વારા ઉપસ્થિત સૌ અધિકારીશ્રીઓને તમામ બાબતોમાં જરૂરી સૂચન કરી યોગ્ય માર્ગદર્શન અપાયું હતું. આ મુલાકાત પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જોઈન્ટ પોલીસ કમિશનર સેકટર ૨ શ્રી બ્રજેશ કુમાર ઝા, ડીસીપી ઝોન ૫ શ્રી બળદેવ દેસાઈ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠકકર, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી નેહા ગુપ્તા તથા સબંધિત વિભાગના અધિકારીઓ અને પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. કામના સ્થળે વખાણ થાય એવી શક્યતા છે. ટીવી, મોબાઈલ નો ઉપયોગ ખોટો નથી.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તાણ નાનકડી બીમારીમાં પરિણમી શકે છે. આરામદાયક મહેસૂસ કરવા માટે મિત્રો તથા પરિવારના સભ્યો વચ્ચે બેસો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી, કેમ કે આજે તેમના સાકાર થવાની શક્યતા છે. કામના સ્થળે વરિષ્ઠો તથા સહ-કમર્મચારીઓ તરફથી સહકાર તમારૂં મનોબળ વધારશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. પ્રિયપાત્ર સાથે કૅન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો.

## ન્યૂઝ બ્રિફ

### સરકારી કર્મચારીઓને માર્ચ મહિનાની સેલેરી વધીને આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

હવે ગણતરીના દિવસોમાં કેન્દ્રીય કર્મચારીઓના બેન્ક ખાતામાં સેલરી આવી જશે. આ મહિને કેન્દ્રીય કર્મચારીઓને બમ્પર સેલરી મળવાની છે. કેન્દ્રીય કર્મચારીઓને માર્ચ મહિનામાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીની DA એરીયર, માર્ચનું વધેલું DA અને વધેલું HRA મળશે. જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે માર્ચમાં મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. જેને લઈને હવે કેન્દ્ર સરકારના કર્મચારીઓનું ઢછ વધીને ૫૦ ટકા થઈ ગયું છે. તેમજ કેન્દ્ર સરકારના પેંશનર્સ માટે મોંઘવારી રાહત પણ ૪ ટકાથી વધીને ૫૦ ટકા થઈ ગયું છે. આ વધારવામાં આવેલું DA અને DR ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ માનવામાં આવશે. જેનાથી લગભગ ૪૯.૧૮ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૭.૯૫ લાખ કેન્દ્ર સરકારના પેંશનર્સને ફાયદો થશે. મોંઘવારી ભથ્થું કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સની સેલરીનો એક ભાગ છે. જેથી DAમાં વધારો થવાના કારણે કેન્દ્ર સરકારના કર્મચારીઓની ટેક હોમ સેલરી પણ વધી જશે. આવ્યું છે કે, માર્ચ મહિનામાં કેન્દ્રીય કર્મચારીઓને કેટલી સેલરી વધીને મળશે. અહીં આપણે એક ઉદાહરણ દ્વારા સમજીશું કે કોઈ કેન્દ્રીય કર્મચારીને કેટલી સેલરી વધીને મળશે. જો કોઈ કેન્દ્રીય કર્મચારીની બેઝિક સેલરી ૪૫,૭૦૦ રૂપિયા છે. અગાઉ ૪૬ ટકાના હિસાબે તેમનું મોંઘવારી ભથ્થું ૨૧,૦૨૨ રૂપિયા હતું. ત્યારે હવે DA વધીને ૫૦ ટકા થવાના કારણે તેમનું મોંઘવારી ભથ્થું વધીને ૨૨,૮૫૦ રૂપિયા થઈ જશે.

### સરકારી કર્મચારીઓને માર્ચ મહિનાની સેલેરી વધીને આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

હવે ગણતરીના દિવસોમાં કેન્દ્રીય કર્મચારીઓના બેન્ક ખાતામાં સેલરી આવી જશે. આ મહિને કેન્દ્રીય કર્મચારીઓને બમ્પર સેલરી મળવાની છે. કેન્દ્રીય કર્મચારીઓને માર્ચ મહિનામાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીની DA એરીયર, માર્ચનું વધેલું DA અને વધેલું HRA મળશે. જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે માર્ચમાં મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કર્યો છે. જેને લઈને હવે કેન્દ્ર સરકારના કર્મચારીઓનું ઢછ વધીને ૫૦ ટકા થઈ ગયું છે. તેમજ કેન્દ્ર સરકારના પેંશનર્સ માટે મોંઘવારી રાહત પણ ૪ ટકાથી વધીને ૫૦ ટકા થઈ ગયું છે. આ વધારવામાં આવેલું DA અને DR ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ માનવામાં આવશે. જેનાથી લગભગ ૪૯.૧૮ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૭.૯૫ લાખ કેન્દ્ર સરકારના પેંશનર્સને ફાયદો થશે. મોંઘવારી ભથ્થું કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સની સેલરીનો એક ભાગ છે. જેથી DAમાં વધારો થવાના કારણે કેન્દ્ર સરકારના કર્મચારીઓની ટેક હોમ સેલરી પણ વધી જશે. આવ્યું છે કે, માર્ચ મહિનામાં કેન્દ્રીય કર્મચારીઓને કેટલી સેલરી વધીને મળશે. અહીં આપણે એક ઉદાહરણ દ્વારા સમજીશું કે કોઈ કેન્દ્રીય કર્મચારીને કેટલી સેલરી વધીને મળશે. જો કોઈ કેન્દ્રીય કર્મચારીની બેઝિક સેલરી ૪૫,૭૦૦ રૂપિયા છે. અગાઉ ૪૬ ટકાના હિસાબે તેમનું

# પોતાની જ લડાઈમાં ફસાયેલી કોંગ્રેસ કેવી રીતે જીતશે ચૂંટણી?

## દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસ હજુ સુધી આ ચૂંટણી જંગમાં તેમની રણનીતિ શું હશે તે નક્કી કરી શકી નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।



૨૦૨૪ના ચૂંટણી જંગમાં ભાજપે તેના ગઠબંધન માટે ૪૦૦થી વધુ બેઠકો મેળવવાનો લક્ષ્યાંક જ નથી રાખ્યો, પરંતુ તેને હાંસલ કરવા માટે સતત પ્રયાસો પણ કરી રહી છે. પાર્ટી આ લક્ષ્યને હાંસલ કરવા માટે પૂરજોશમાં કામે લાગી છે. જે રાજ્યોમાં ભાજપ પહેલાથી જ મજબૂત છે તેની સરખામણીમાં પાર્ટી તે રાજ્યો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જ્યાં તેને મોટી સફળતાની શક્યતાઓ દેખાય છે. આ જ કારણ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે છેલ્લા દોઢ મહિનામાં ૨૩ દિવસ દક્ષિણ ભારતીય રાજ્યોની મુલાકાત લીધી હતી. બીજી તરફ દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસની સ્થિતિ પર નજર કરીએ તો લાગે છે કે તેઓ હજુ સુધી આ ચૂંટણી જંગમાં તેમની રણનીતિ શું હશે તે નક્કી કરી શકી નથી. કોંગ્રેસ ભાજપના વિજય અભિયાનને રોકવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. આ માટે પાર્ટીએ વિવિધ રાજ્યોના વિરોધ પક્ષો સાથે INDIA (ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ એલાયન્સ) ગઠબંધન પણ બનાવ્યું. જોકે, સવાલ એ છે કે શું કોંગ્રેસ આ ગઠબંધનની મદદથી ચૂંટણીમાં સફળતા મેળવી શકશે? દેશની સૌથી જૂની પાર્ટી માટે આ ચૂંટણી તેના અસ્તિત્વની લડાઈ પણ છે. તેનું કારણ એ છે કે પાર્ટી ૨૦૧૪થી સત્તાની બહાર જ નથી પરંતુ ડબલ ફિગર પર પણ પહોંચી ગઈ છે. હાલમાં કોંગ્રેસની સ્થિતિ એવી નથી કે તે પોતાના દમ પર વિપક્ષના નેતાનો દરજ્જો મેળવી શકે. આ જ કારણ છે કે પાર્ટીએ INDIA ગઠબંધન દ્વારા શાસક ભાજપના વિજય રથને રોકવાના પ્રયાસો શરૂ કર્યા છે. જોકે, પાર્ટી ખરેખર મજબૂત દાવો રજૂ કરવા માંગતી હોય, તો પહેલા તેણે તેના પક્ષના નેતાઓને સાથે રાખવા પડશે. આ સાથે આ ચૂંટણીમાં પોતાના દમ પર ૧૦૦થી વધુ બેઠકો પણ મેળવવી પડશે. કોંગ્રેસને મુખ્ય વિરોધ પક્ષ તરીકે નામ આપવામાં આવ્યું છે કારણ કે દેશની ૫૪૩ લોકસભા બેઠકોમાંથી લગભગ ૨૦૦ પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો છે. આમાં કર્ણાટક, છત્તીસગઢ, હરિયાણા, ગુજરાત, મધ્યપ્રદેશ, આસામ, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ એવા રાજ્યો છે જ્યાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલો છે. અહીં પક્ષ માટે મજબૂત દાવો કરવો જરૂરી બનશે. આ ત્યારે જ શક્ય છે જ્યારે પાર્ટી પોતાના પરસ્પર વિવાદોને ઉકેલે. જોકે કોંગ્રેસમાં જે રીતે આંતરકલહ દેખાઈ રહ્યો છે તેના કારણે આની શક્યતા ઓછી જણાઈ રહી છે. પાર્ટીની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને આવું કહેવામાં આવી રહ્યું છે. જ્યારે ભાજપે લોકસભા ચૂંટણી માટે અત્યાર સુધીમાં ૩૫૦ થી વધુ ઉમેદવારોની જાહેરાત કરી છે, જ્યારે કોંગ્રેસ ફક્ત ૨૦૦થી વધુ બેઠકો પર નામો નક્કી કરવામાં સફળ રહી છે. કોંગ્રેસ હજુ પણ તેની સ્થિતિનું પરીક્ષણ કરી રહી છે જ્યારે ભાજપ વડાપ્રધાન મોદી સાથે એક વિશાળ છલાંગ લગાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. મંદિરોની મુલાકાત લેવાની, મતદારોને મળવાની સાથે તેઓ ચૂંટણી રેલીઓમાં સ્ટેજ પરથી 'મોદીની ગેરંટી' દ્વારા સામાન્ય લોકોને પોતાની સાથે જોડવામાં વ્યસ્ત છે. વડાપ્રધાનની રેલીમાં પહોંચેલી લોકોની ભીડથી પાર્ટી નેતૃત્વને આશા છે કે તેઓ ચોક્કસપણે ૪૦૦નો આંકડો પાર કરશે. બીજી તરફ કોંગ્રેસના ચૂંટણી આયોજન પર નજર કરીએ તો તેમણે એટલો બધો પ્રચાર તો નથી જ કર્યો પરંતુ અત્યાર સુધી પાર્ટીએ કોઈ મોટી ચૂંટણી રેલી પણ કરી નથી. રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન પર એક મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં INDIA બ્લોકના ઘણા મોટા ચહેરાઓ ભેગા થયા હતા. જોકે, પાર્ટીએ હજુ સુધી એકલા હાથે કોઈ મોટી ચૂંટણી રેલી યોજી નથી. આટલું જ નહીં ભાજપ દ્વારા જાહેર કરાયેલ ઉમેદવારોની યાદીમાં અનેક મોટા નામોની ટિકિટ કપાઈ છે. આ યાદીમાં ઘણા આશ્ચર્યજનક નામો પણ ઉમેરાયા છે. આમ છતાં પાર્ટીમાં કોઈ ખાસ નારાજગી જોવા મળી નથી. બીજી તરફ કોંગ્રેસમાં ટિકિટની વહેંચણીને લઈને ખેંચતાણ ચાલી રહી છે. ઉમેદવારોની જાહેરાત બાદ ઉમેદવારોમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. તેનું તાજેતરનું ઉદાહરણ રાજસ્થાનમાં જોવા મળ્યું. કોંગ્રેસ પાર્ટીએ સુનીલ શર્માને જયપુરથી ઉમેદવાર બનાવ્યા હતા. જોકે, જ્યારે તેમના નામ પર વિવાદ થયો ત્યારે પાર્ટીએ રાજસ્થાનના પૂર્વ મંત્રી પ્રતાપ સિંહ ખાચરિયાવાસને તેમના સ્થાને ઉમેદવાર જાહેર કર્યા. કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાનારા નેતાઓની યાદી અટકતી જણાતી નથી. છેલ્લા ૧૦ વર્ષમાં કોંગ્રેસના ઘણા નેતાઓ જેઓ પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા છે. એટલું જ નહીં પાર્ટીએ તેમને ઈનામ પણ આપ્યું. આમાં તાજેતરનું ઉદાહરણ નવીન જિંદાલ છે. નવીન જિંદાલ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી કોંગ્રેસના સાંસદ હતા. આ સિવાય જ્યોતિરાદિત્ય સિંધિયા, મિલિંદ દેવરા, જિતિન પ્રસાદ, આરપીએન સિંહ જેવા કોંગ્રેસના નેતાઓ, જેઓ રાહુલ ગાંધીના નજીકના મિત્રો હતા તેમણે પણ પાર્ટી છોડી દીધી હતી. જ્યારે સિંધિયાએ ૨૦૨૦ માં કોંગ્રેસ છોડી દીધી, ત્યારે આગાહી કરવામાં આવી હતી કે તેઓ છ મહિનામાં પાછા ફરશે. પરંતુ એવું કંઈ થયું નથી. એકંદરે આ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ નેતૃત્વની સ્થિતિ 'કરો યા મરો' જેવી છે. જો આ ચૂંટણીમાં પાર્ટી જોરદાર દાવો રજૂ નહીં કરી શકે તો સંગઠનને તો અસર થશે જ, પરંતુ પ્રાદેશિક પક્ષો પણ કોંગ્રેસને આંખ બતાવશે. આ ચૂંટણીમાં કોંગ્રેસ સામે એક મોટો પ્રશ્ન એ છે કે જો તે પોતાનું પ્રદર્શન નહીં સુધારે તો પાર્ટીમાં ભારે નાસભાગ મચી જશે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે હોવા છતાં પણ પાર્ટી હજુ પણ ગાંધી પરિવાર પર નિર્ભર જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આ લોકસભાની ચૂંટણી ગાંધી પરિવાર માટે પણ વિશ્વસનીયતાનો પ્રશ્ન છે.

### મોસ્કો આતંકવાદી હુમલાને લઈને ચોંકાવનારો દાવો

# મોસ્કો આતંકી હુમલા પાછળ અમેરિકા, બ્રિટન અને યુક્રેનનો હાથ

## રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ ના વડા એલેક્ઝાન્ડર બોર્ટનિકોવે મોસ્કો આતંકવાદી હુમલાને લઈને ચોંકાવનારો દાવો કર્યો હતો

। (એજન્સી) મોસ્કો, તા.૨૭ ।

રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસના વડા એલેક્ઝાન્ડર બોર્ટનિકોવે મોસ્કો આતંકવાદી હુમલાને લઈને ચોંકાવનારો દાવો કર્યો હતો. ક્રોકસ સિટી હોલ હુમલાની ચાલી રહેલી તપાસ વચ્ચે બોર્ટનિકોવે મંગળવારે કહ્યું કે આ હુમલા પાછળ અમેરિકા, બ્રિટન અને યુક્રેનનો હાથ છે. બોર્ટનીકોવે મોસ્કોમાં એક મીટિંગમાં જણાવ્યું હતું કે, "અત્યારે અમે અમારી પાસે રહેલી તથ્યાત્મક જાણકારીના આધારે વાત કરી રહ્યા છીએ." તેમણે વધુમાં કહ્યું હતું કે યુક્રેન એ સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે કે તે 'ખૂબ સક્ષમ' છે. પોતાની ક્ષમતા સાબિત કરવા માટે તેણે ઓચિંતો હુમલો કરીને આતંકવાદી કૃત્ય કર્યું છે. તેમણે ભૂતકાળમાં યુક્રેન, બ્રિટન અને અમેરિકાએ પણ રશિયામાં આવા હુમલા કર્યા હોવાનો ફરી એકવાર ઉલ્લેખ કર્યો હતો. બોર્ટનિકોવે કહ્યું કે, રશિયામાં ડ્રોન હુમલા, સમુદ્રમાં માનવરહિત બોટ પર હુમલા, તોડફોડ કરનારાઓના જૂથો અને આતંકવાદી સંગઠનોની આપણા વિસ્તારમાં ઘૂસણખોરી થઈ છે. તેમણે કહ્યું કે પશ્ચિમ અને યુક્રેન આપણા દેશને વધુ નુકસાન પહોંચાડવા માંગે છે. ૨૨ માર્ચે આતંકવાદીઓ મોસ્કો શહેર નજીકના આવેતા ક્રોકસ સિટી કોન્સર્ટ હોલમાં પ્રવેશ્યા અને ગોળીબાર અને વિસ્ફોટ કર્યો હતો. આ આતંકી હુમલામાં ૧૩૯ લોકો માર્યા ગયા હતા અને ૧૮૨ લોકો ઘાયલ થયા હતા. આ આતંકી હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટએ લીધી હતી. રશિયન સુરક્ષા દળોએ આતંકવાદી હુમલામાં સંડોવણીની શંકાના આધારે ચાર બંદૂકધારીઓ સહિત કુલ ૧૧ લોકોની ધરપકડ કરી છે.

### બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો

# પત્નીને 'સેકન્ડ હેન્ડ' કહેવું ભારે પડ્યું... હવે પતિએ ૩ કરોડનું વળતર ચૂકવવું પડશે

## પત્નીનો કેસ એવો હતો કે નેપાળમાં તેમના હનીમૂન દરમિયાન, પતિએ તેણીને 'સેકન્ડ હેન્ડ' કહીને હેરાન કર્યા કારણ કે તેની અગાઉની સગાઈ તૂટી ગઈ હતી

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

યુએસ સ્થિત એક પુરુષની છૂટાછેડાની અરજીને ફગાવી દેતા, બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે ઘરેલું હિંસા એ મહિલાના આત્મસન્માનને અસર કરે છે જેને "સેકન્ડ હેન્ડ" કહેવામાં આવે છે અને તેના પતિ દ્વારા તેમના હનીમૂન પર હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત, હાઈકોર્ટે નીચલી આદેશને માન્ય રાખ્યો છે જેમાં તેને વિમુખ પત્નીને ૩ કરોડ રૂપિયાનું વળતર ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ખરેખર, પતિ-પત્ની અમેરિકાના નાગરિક છે. તેમના લગ્ન ૩ જાન્યુઆરી, ૧૯૯૪ના રોજ મુંબઈમાં થયા હતા. બીજા લગ્ન પણ અમેરિકામાં થયા, પરંતુ ૨૦૦૫-૨૦૦૬ની આસપાસ તે મુંબઈ આવીને એક મકાનમાં રહેવા લાગ્યો. પત્ની પણ મુંબઈમાં નોકરી કરતી હતી અને બાદમાં માતાના ઘરે ગઈ હતી. ૨૦૧૪-૧૫ ની આસપાસ, પતિ અમેરિકા પાછો ગયો અને ૨૦૧૭ માં તેણે ત્યાંની કોર્ટમાં છૂટાછેડાનો કેસ દાખલ કર્યો અને પત્નીને સમન્સ મોકલવામાં આવ્યા. તે જ વર્ષે, પત્નીએ મુંબઈ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઘરેલુ હિંસા એક્ટ હેઠળ અરજી દાખલ કરી. ૨૦૧૮ માં, યુએસ કોર્ટે દંપતીને છૂટાછેડા આપી દીધા. પત્નીનો કેસ એવો હતો કે નેપાળમાં તેમના હનીમૂન દરમિયાન, પતિએ તેણીને 'સેકન્ડ હેન્ડ' કહીને હેરાન કર્યા કારણ કે તેની અગાઉની સગાઈ તૂટી ગઈ હતી. બાદમાં અમેરિકામાં પત્નીએ આરોપ લગાવ્યો હતો કે તેનું શારીરિક અને ભાવનાત્મક શોષણ કરવામાં આવ્યું હતું. પતિએ તેના ચારિર્ત્ય પર અણગમો વ્યક્ત કર્યો હતો અને તેના પોતાના ભાઈઓ પર પણ અન્ય પુરુષો સાથે ગેરકાયદેસર સંબંધો હોવાનો આરોપ મૂક્યો હતો.

### ચૂંટણી પંચે તેમને નોટિસ જારી કરી । કોંગ્રેસના નેતાએ તેમના વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી

# કંગના રનૌત પર અભદ્ર ટિપ્પણી કરવા મામલે સુપ્રિયા શ્રીનેતને મોટો ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।



અભિનેત્રી કંગના રનૌત પર અભદ્ર ટિપ્પણી કરવા બદલ કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતને મોટો ઝટકો લાગ્યો છે. ચૂંટણી પંચે બુધવારે તેમને નોટિસ જારી કરી છે. ચૂંટણી આચારસંહિતા ભંગના મામલામાં તેમને આ નોટિસ આપવામાં આવી છે. કંગના રનૌત હિમાચલના મંડી જિલ્લામાંથી બીજેપી સાંસદ છે. ચૂંટણી પંચે સુપ્રિયા શ્રીનેતને ૨૯ માર્ચે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં જવાબ આપવા કહ્યું છે. સુપ્રિયા હાલમાં કોંગ્રેસના સોશિયલ મીડિયા વિભાગના પ્રભારી છે. બીજી તરફ ચૂંટણી પંચે બંગાળના બીજેપી સાંસદને મમતા બેનર્જી પર ટિપ્પણી કરવા બદલ નોટિસ મોકલી છે. મમતા બેનર્જી વિરુદ્ધ વિવાદાસ્પદ અને અંગત નિવેદન આપવામાં આવ્યું હતું. આરોપ છે કે દિલીપ ઘોષે અસંસદીય ટિપ્પણી કરી હતી. દિલીપ ઘોષે ૨૯ માર્ચે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ચૂંટણી પંચને જવાબ આપવાનો રહેશે. દિલીપ ઘોષે કહ્યું હતું કે, 'મમતા બેનર્જી જ્યારે ગોવા જાય છે ત્યારે તે પોતાને ગોવાની દીકરી ગણાવે છે. જ્યારે તે ત્રિપુરા જાય છે ત્યારે તે પોતાને ત્રિપુરાની દીકરી કહેવા લાગે છે. તેણે પહેલા તેના પિતાની ઓળખ સાફ કરવી જોઈએ. કંગના રનૌતના વિવાદે જોર પકડ્યા બાદ સુપ્રિયાની તરફથી આ ટ્વિટ હટાવી લેવામાં આવી હતી. તેમણે સમગ્ર મુદ્દે સ્પષ્ટતા પણ કરી હતી. કોંગ્રેસ નેતાનું કહેવું છે કે તેમનું એક્સ હેન્ડલ હેક કરવામાં આવ્યું હતું. તેણે આ પોસ્ટ નથી કરી. પોસ્ટમાં કંગનાની એક તસવીર પોસ્ટ કરવામાં આવી હતી. આ તસવીરની સાથે લખવામાં આવ્યું હતું કે માર્કેટમાં તેની કિંમત શું છે, કોઈ કહી શકે? આ પોસ્ટ થોડી જ વારમાં વાયરલ થઈ ગઈ. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે કંગનાને મંડી સીટ પરથી ઉતારી છે. કંગના રનૌત તરફથી પણ પ્રતિક્રિયા આવી હતી. તેણે લખ્યું, 'પ્રિય સુપ્રિયા જી, એક અભિનેત્રી તરીકે મારી કારકિર્દીના છેલ્લા ૨૦ વર્ષમાં મેં તમામ પ્રકારની મહિલાઓની ભૂમિકા ભજવી છે. રાણીમાં એક નિર્દોષ છોકરીથી લઈને ધાકડમાં એક મોહક જાસૂસ સુધી, મણિકર્ણિકામાં દેવીથી લઈને ચંદ્રમુખીમાં રાક્ષસ સુધી. રજ્જોની વેશ્યાથી લઈને થલાઈવીમાં ક્રાંતિકારી નેતા સુધી. આપણે આપણી પુત્રીઓને પૂર્વગ્રહોના બંધનમાંથી મુક્ત કરવી જોઈએ, આપણે તેમના શરીરના અંગો વિશે ઉત્સુકતાથી ઉપર ઊઠવું જોઈએ અને સૌથી વધુ, આપણે સેક્સ વર્કરોના પડકારરૂપ જીવન અથવા સંજોગોનું શોષણ કરવાનું ટાળવું જોઈએ.

### રાતોરાત પલ્ટાયું નસીબ

# કેનેડામાં રહેતા ગુજ્જુભાઈને લાગી ૧૦ લાખ ડોલરની લોટરી

## આ લોટરી ટિકિટને સંદીપ પટેલે સ્કેન કરી ત્યારે તેમને ખબર પડી હતી કે તેઓ ૧ મિલિયન ડોલર જેટલી રકમ જીત્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કેનેડામાં રહેતા ગુજરાતી સંદીપ પટેલને ૧૦ લાખ કેનેડિયન ડોલર એટલે કે ૧ મિલિયન ડોલરની લોટરી લાગી છે. આ રકમને જો રૂપિયામાં કન્વર્ટ કરવામાં આવે તો તે ૬.૧૩ કરોડ રૂપિયાથી પણ વધારે થાય છે. લોટરી જીતનારા સંદીપ પટેલ ઓન્ટારિયો રિજનમાં આવેલા અર્નપ્રાયોર ટાઉનમાં રહે છે અને પોતાનો બિઝનેસ ચલાવે છે. સંદીપ પટેલને પહેલાથી જ લોટરી રમવાનો શોખ છે અને તેઓ અઠવાડિયામાં બેથી ત્રણ વાર લોટરીની ટિકિટ ખરીદે છે, પરંતુ હજુ થોડા દિવસો પહેલા જ તેઓ પોતાની કાર સાફ કરી રહ્યા હતા ત્યારે તેમાંથી મળેલી એક જૂની લોટરી ટિકિટે તેમનું નસીબ બદલી નાખ્યું હતું. આ લોટરી ટિકિટને સંદીપ પટેલે સ્કેન કરી ત્યારે તેમને ખબર પડી હતી કે તેઓ ૧ મિલિયન ડોલર જેટલી રકમ જીત્યા છે. સંદીપ પટેલે લોટરીની ટિકિટ ૨૦૨૩માં ખરીદી હતી, અને તેનો ડ્રો ૨૯ જુલાઈ ૨૦૨૩માં થયો હતો. તેમણે જ્યારે પોતાની ટિકિટને થોડા દિવસો પહેલા જ સ્કેન કરી ત્યારે તેના સાત આંકડા લકી ડ્રો સાથે મેચ થતાં તેમનું દીમાગ ચકરાવે ચઢી ગયું હતું. સંદીપ પટેલ પોતાની ટિકિટ લઈને ટોરેન્ટો પહોંચ્યા હતા જ્યાં તેમને ૧ મિલિયન ડોલરનો ચેક આપવામાં આવ્યો હતો. જોકે, રાતોરાત મળેલા ૧૦ લાખ ડોલરને આપણા ગુજ્જુભાઈ સંદીપ પટેલ મોજમમજા કરવામાં નથી વાપરવાના. પોતાને મળેલી આ રકમનો ઉપયોગ સંદીપ પટેલ હોમ લોન ભરવામાં અને પોતાના અમુક ઈન્વેસ્ટમેન્ટ ગોલ પૂરા કરવામાં કરશે જ્યારે બાકીની રકમ તેઓ બચાવીને રાખવાના છે. તેમને હાલ ૧ મિલિયન ડોલરનો ચેક મળી પણ ગયો છે, પરંતુ સંદીપ પટેલને હજુય વિશ્વાસ નથી થઈ રહ્યો કે તેઓ ખરેખર લોટરી જીત્યા છે. કાયમ લોટરીની ટિકિટ ખરીદતા સંદીપ પટેલે કબૂલ્યું હતું કે તેમણે ક્યારેય નહોતું વિચાર્યું કે એક દિવસ તેમને લોટરી લાગશે, પરંતુ તેમની પત્નીને વિશ્વાસ હતો કે ક્યારેક તો તે દિવસ ચોક્કસ આવશે. આમ તો મોટાભાગના દેશોમાં લોટરી જીતનારા વ્યક્તિને તગડો ટેક્સ ભરવો પડતો હોય છે, પરંતુ કેનેડામાં લોટરીમાં જીતેલી રકમ પર કોઈ ટેક્સ નથી ભરવો પડતો.

### સિટિઝનશિપ છોડવાનો નિર્ણય લેનાર માનસિક રીતે સ્વસ્થ છે

# અમેરિકનો પોતાની સિટિઝનશિપ છોડી વિદેશમાં કેમ શિફ્ટ થાય છે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

અમેરિકાને મોટા સપના સાકાર કરવા માટેનો દેશ ગણવામાં આવે છે. અહીં આવવા માટે કરોડો લોકો રીતસર તરસતા હોય છે. ખાસ કરીને ભારતમાં એક વર્ગ એવું માને છે કે દુનિયાના બધા સપના સાકાર કરવા હોય તો અમેરિકા જવું જોઈએ અને ત્યાંની સિટિઝનશિપ મેળવવી જોઈએ. જોકે, હવે ઘણા અમેરિકનો જ પોતાના દેશની સિટિઝનશિપ છોડીને વિદેશ શિફ્ટ થઈ રહ્યા છે. અમેરિકા હવે ઝડપથી બદલાઈ રહેલો દેશ છે જેના કારણે ઘણા અમેરિકનોને પોતાના ભવિષ્યની ચિંતા થાય છે. યુએસ ગવર્નમેન્ટની નીતિ સાથે ઘણા લોકો સહમત નથી. પછી તે ઈમિગ્રેશન પોલિસી હોય, લેસ્બિયન-ટ્રાન્સજેન્ડરની પોલિસી હોય કે ટેક્સના આકરા દર હોય. અમેરિકાનું નાગરિકત્વ છોડવું એ કંઈ સામાન્ય ઘટના નથી. છતાં ઘણા લોકો આ જોખમ લઈ રહ્યા છે. અમેરિકન સિટિઝનશિપનો ત્યાગ કરવો હોય તો કોન્સ્યુલર ઓફિસમાં કોન્સ્યુલર ઓફિસરની સામે ડિકલેરેશન કરવું પડે છે. તે સમયે અમેરિકન અધિકારી ચકાસણી કરશે કે સિટિઝનશિપ છોડવાનો નિર્ણય લેનાર માનસિક રીતે સ્વસ્થ છે કે નહીં. તે કોઈ અમેરિકન ટેક્સથી બચવા માટે આવું કરી રહ્યા છે કે કેમ તે પણ જોવામાં આવશે. તેથી સિટિઝનશિપ છોડતા અગાઉ પૂરેપૂરે ટેક્સ ભરી દેવો જરૂરી છે.

અમેરિકન સિટિઝનશિપ છોડ્યા પછી પણ વ્યક્તિને સોશિયલ સિક્યોરિટી અને મેડિકેરની સગવડ મળે છે. આ ઉપરાંત તમે વિઝિટર તરીકે ફરીથી સહેલાઈથી યુએસએ પણ આવી શકો છો. એટલું જ નહીં ભવિષ્યમાં યુએસ સિટિઝનશિપ પાછી પણ મેળવી શકાય છે. યુએસ સિટિઝનશિપ છોડ્યા પછી તમે ચૂંટણીમાં વોટિંગ રાઈટ ગુમાવી બેસો છે. વિદેશમાં કોન્સ્યુલર સહાય પણ ઘટી જાય છે. આમ છતાં ઘણા લોકો અમેરિકાના નાગરિક બનવાનું છોડે છે તેનું કારણ અમેરિકાની ટેક્સ સિસ્ટમ છે. અમેરિકન સિટિઝન આખી દુનિયામાં ગમે ત્યાં કમાણી કરે તો પણ તેણે ટેક્સ ભરવો પડે છે. કેટલાક લોકો ટેક્સથી બચવા માટે જિપ્સી જેવી લાઈફસ્ટાઈલ અપનાવે છે. તેઓ સતત ટ્રાવેલ કરતા રહે છે. આ રીતે તેઓ એસ્ટેટ ટેક્સ, કોમ્પ્લાયન્સ કોસ્ટ, ડબલ ટેક્સેશનની સમસ્યા, અને લિગલ તથા એકાઉન્ટિંગ ખર્ચમાંથી બચી જાય છે. માત્ર અમેરિકામાં વસતા અમેરિકન નાગરિકો જ નહીં, પરંતુ વિદેશમાં વસતા યુએસ ગ્રીનકાર્ડ હોલ્ડર્સ પણ પોતાની ટેક્સ જવાબદારીઓથી ત્રાસી જાય છે. તેથી તેમણે પણ ટેક્સથી બચવું હોય તો વિદેશમાં રહીને પણ યુએસ સિટિઝનશિપ છોડવાની પ્રક્રિયા કરવી પડે છે. તેમાં પણ ઘણી બધા કાનૂની ગુંચવણો હોય છે તેથી ટેક્સ સલાહકારની મદદથી જ બધી કામગીરી કરવી પડે છે. અમેરિકાએ ફોરન એકાઉન્ટ ટેક્સ કોમ્પ્લાયન્સ એક્ટ લાગુ કર્યો તેના કારણે પણ ઘણા લોકો યુએસ સિટિઝનશિપ છોડી રહ્યા છે.







દિનેશ હોલમાં બીજેપી મહિલા મોરચાના પ્રોગ્રામમાં સીઆર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

### વાહન પર રાજકીય સ્ટીકર લગાવી શકશે નહી

# ગુજરાતના તમામ સરકારી કર્મી માટે એડવાઇઝરી જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

આગામી લોકસભા ચૂંટણીને લઈને ચૂંટણીપંચ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ સાથે ચૂંટણીપંચ ચૂંટણીની નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે એક્શનમાં છે. લોકસભા ચૂંટણી ને લઈ સરકારી કર્મચારીઓ માટે સૂચના જાહેર કરાઈ છે. કોઈપણ સરકારી કર્મચારી રાજકીય પ્રવૃત્તિ સાથે જોડાઈ શકશે નહી. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારી કર્મચારીઓ માટે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. રાજકીય પક્ષના પ્રચારમાં સરકારી કર્મચારી જોડાઈ શકશે નહી. મતદાન બાદ મત આપવા સંદર્ભે જાહેર ટિપ્પણી પણ કરી શકશે નહી. એટલું નહીં સરકારી કર્મચારી પોતાના વાહન પર રાજકીય સ્ટીકર લગાવી શકશે નહી અને ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવાર માટે કાર્ય કરી શકશે નહીં.. સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ અંગે વિસ્તૃત પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

મહત્વપૂર્ણ છે કે આવનારી લોકસભા ચૂંટણીને લઇને ચૂંટણી પંચ એક્શનમાં આવી ગયું છે. રાજ્યમાં સરકારી મિલકતો પરથી ૧.૬૦ લાખ જાહેરાત દૂર કરાઈ છે. ખાનગી મિલકતો પરથી ૫૮ હજાર જાહેરાત દૂર કરાઈ છે. ફલાઈંગ સ્કવોડ દ્વારા રૂપિયા ૧.૧૬ કરોડની રોકડ જપ્ત કરાઈ છે, ૧૧.૪૪ કરોડની કિંમતના સોના-ચાંદી પકડાયુ છે.. અત્યાર સુધી કુલ ૪૨.૬૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ચૂંટણી ફરિયાદોના ઝડપી નિકાલ માટે કંટ્રોલ રૂમ કાર્યરત છે, અત્યાર સુધી ૪ હજારથી વધુ ફરિયાદો મળી છે. કંટ્રોલ રૂમ, NGPS, ટપાલ, સિ-વિજીલ અને ઈ-મેઈલથી ફરિયાદો મળી છે. નેશનલ ગ્રીવન્સ સર્વિસ પોર્ટલ મતદાર ઓળખ પત્ર અંગે ૨૪૫૯ ફરિયાદો મળી છે. મતદાર યાદી સંદર્ભે ૨૪૯ ફરિયાદો મળી છે. મતદાર કાપલીની ૪૯ ફરિયાદો મળી છે.

## ન્યુઝ બોક્ષ

### અમદાવાદના ૧૩ એકમ પર IT વિભાગની તવાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં ડેરી અને હોટલના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રુપ પર IT વિભાગે દરોડા પાડ્યા છે. જેમાં ગોપાલ ડેરી અને રીવર વ્યુ હોટલ પર IT વિભાગે સર્ચ હાથ ધરવામાં આવ્યુ છે. સંચાલક નીશિત દેસાઈ અને ગૌરાંગ દેસાઈ સહિતના ભાગીદારોને ત્યાં પણ દરોડા પાડ્યા છે.અમદાવાદમાં ડેરી અને હોટલના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રુપ પર IT વિભાગે દરોડા પાડ્યા છે. જેમાં ગોપાલ ડેરી અને રીવર વ્યુ હોટલ પર IT વિભાગે સર્ચ હાથ ધરવામાં આવ્યુ છે. સંચાલક નીશિત દેસાઈ અને ગૌરાંગ દેસાઈ સહિતના ભાગીદારોને ત્યાં પણ દરોડા પાડ્યા છે. આશ્રમ રોડ સહિતના વિસ્તારમાં આવેલા એકમો પર પણ તપાસ હાથ ધરવામાં આવી છે. શહેરમાં કુલ ૧૩ સ્થળોએ દરોડા અને સર્વેની કામગીરી કરવામાં આવી છે. તેમજ IT વિભાગના આશરે ૭૫થી પણ વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે.

### અમદાવાદમાં પાલતુ શ્વાન માટે લાઇસન્સ લેવું પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં હવે પાલતુ શ્વાન માટે લાઈસન્સ લેવું પડશે. આ લાઈસન્સ ૫૦૦થી ૧૦૦૦ રૂપિયા ભરીનેમળશે. આ માટે શ્વાનને RFID ચિપ પણ લગાવાશે. શ્વાનના માલિકે શ્વાનનું રસીકરણ કરાવવું પડશે અને તેણે રસીકરણ કરાવ્યું હોવાનું પ્રમાણપત્ર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમા કરાવવું પડશે. આ ઉપરાંત શ્વાન રાખવાની જગ્યાનો ફોટો અપલોડ કરવાનો છે. પાલતુ શ્વાન માટેના નિયમો જોઈએ તો કૂતરાના માલિકે ધ્યાન રાખવું પડશે કે કૂતરાથી આસપાસના લોકોને હેરાનગતિ ન થાય. તેઓ આ કૂતરાનું ગલુડિયા કોઈને આપે કે વેચે તો તેની પણ મ્યુનિસિપલ કોર્પોરેશનને જાણ કરવાની રહેશે. કૂતરાના માલિકના ઘરની બહાર બારકોડ લગાવવાનું આયોજન કરવામાં આવશે.

### બોપલમાં અંગત અદાવતમાં ફાયરિંગની ઘટના સામે આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદના બોપલમાં અંગત અદાવતમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. ધંધુકાના હુમલાખોરોએ બિલ્ડર પર ફાયરિંગ કર્યુ હતું. વિજયસિંહ ભુવા નામના મહંતને મળવા નહી આવવાનું કહી આ હુમલો કરવામાં આવ્યો હતો.. બીજી તરફ બિલ્ડરે સ્વબચાવમાં ૨ રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. હુમલાખોરોએ બિલ્ડરની ગાડી પર પણ હુમલો કરી નુકશાન પહોંચાડયું હતું. બિલ્ડરે સ્વબચાવમાં પોતાની લાયસન્સવાળી બંદૂકથી ફાયરિંગ કર્યુ હોવાનો ખુલાસો કર્યો હતો. પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ પરથી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનામાં હાલ ઉપેન્દ્રસિંહ નામના બિલ્ડરનું નામ સામે આવ્યું છે.

### વડોદરામાં રોડ પર મકાનોના દબાણોને લઈ હૂંસાતૂંસી

# ભાજપના વોર્ડ ૧૦ના બે કોર્પોરેટર સામ સામે આવ્યા

### કોર્પોરેશની દબાણ શાખાની ટીમને પરત મોકલી તો બીજા કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી મકાનોના દબાણો તોડી રોડ પહોળો કરવા માંગ કરી

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

વડોદરામાં રોડ પર મકાનોના દબાણોને લઈ ભાજપના વોર્ડ ૧૦ના બે કોર્પોરેટર સામસામે આવ્યા છે. રોડ લાઈનમાં ૫ મકાનોના દબાણો ન તોડવા એક કોર્પોરેટરે અધિકારી પર પ્રેશર લાવી કોર્પોરેશની દબાણ શાખાની ટીમને પરત મોકલી તો બીજા કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી મકાનોના દબાણો તોડી રોડ પહોળો કરવા માંગ કરી હતી. વડોદરા કોર્પોરેશને તાજેતરમાં ગોત્રી યશ કોમ્પ્લેક્ષથી નીલાંબર સર્કલ સુધી ૩૦ મીટર પહોળો રોડ બનાવ્યો છે. જેમાં ગોત્રી પોલીસ સ્ટેશન પાસે રોડ લાઈનમાં ૫ જેટલા મકાનોના દબાણો છે, જે મકાન માલિકોને દબાણ સ્વેછાએ દૂર કરવા કોર્પોરેશને નોટિસ આપી હતી પણ મકાન માલિકોએ દબાણ દૂર ન કરતાં કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ, MGVCLની ટીમ અને ટાઉન પ્લાનિંગની ટીમ દબાણ તોડવા સ્થળ પર પહોચી હતી. મકાન માલિકોએ વોર્ડ ૧૦ના સ્થાનિક કોર્પોરેટર ઉમંગ બ્રહ્મભટ્ટને સ્થળ પર બોલાવ્યો. જ્યાં કોર્પોરેટર દબાણ શાખાની ટીમને દબાણો દૂર ન કરવા રજૂઆત કરી. કોર્પોરેશનના અધિકારીઓએ રજૂઆતને ગ્રાહ્ય ન રાખતાં કોર્પોરેટરે એક ધારાસભ્ય સાથે વાત કરી અધિકારીઓ પર પ્રેશર લાવી કામગીરી અટકાવી. કોર્પોરેટરના દબાણ વશ થઈ દબાણ તોડવા આવેલી દબાણ શાખા સહિત તમામ ટીમો વીલા મોઢે કામગીરી કર્યા વગર પરત ફરી હતી. રોડ લાઈનમાં આવેલા મકાનોના દબાણો ન તૂટતાં રોડ ૪ મીટર પહોળો ન થઈ શક્યો. જેથી રોડ સાંકળો હોવાથી અકસ્માત થવાની શક્યતાઓ વધી છે. સમગ્ર મામલે દબાણકર્તાઓ અને મકાન માલિકોએ કહ્યું કે અમે વર્ષોથી અહીંયા રહીએ છે, કોર્પોરેશન અમને ગોત્રી વિસ્તારમાં જ જ્યાં સુધી પહેલા મકાન નહીં આપે ત્યાં સુધી મકાન નહીં તોડવા દઈએ. રોડના વિકાસના કામમાં કોર્પોરેટર અવરોધરૂપ બનતાં આજ વોર્ડના અન્ય ભાજપ કોર્પોરેટર નીતિન દોંગાએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી રોડ લાઈનમાં આવેલ મકાનોના દબાણો તાત્કાલિક તોડી પાડી રોડ ખુલ્લો કરવાની માંગ કરી છે.

### લોકસભાની ચૂંટણીને લઈ આંતરરાજ્ય બોર્ડર ચેકપોસ્ટ પર સઘન ચેકિંગ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૭ ।

લોકસભાની ચૂંટણીને લઈને આદર્શ આચાર સહિતા અમલી છે ત્યારે બનાસકાંઠાની બોર્ડર ઉપર પોલીસનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ છે. ગુજરાત પોલીસ દ્વારા ચૂંટણીને લઈ સતર્કતા દાખવવામાં આવી છે. સ્થાનિક પોલીસ રાઉન્ડ ધ ક્લોક શંકાસ્પદ તમામ વાહનોનું ચેકિંગ હાથ ધર્યુ છે. અમીરગઢ. પાંથાવાડા. થરાદ અને સરહદ છાપરી બોર્ડર પર પોલીસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ છે.લોકસભાની સામાન્ય ચૂંટણીને લઈ આંતર રાજ્ય બોર્ડર વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ છે. ગુજરાત પોલીસ દ્વારા ચૂંટણીને લઈ સતર્કતા દાખવવામાં આવી છે. સ્થાનિક પોલીસ રાઉન્ડ ધ ક્લોક શંકાસ્પદ તમામ વાહનોનું ચેકિંગ હાથ ધર્યુ છે. જે ચૂંટણીને લઈ ચેકિંગ હાથ ધરવામાં આવશે અને ગુજરાતમાં દારુ અને રોકડ રુપિયાની હેરફેર અન્ય રાજ્યમાંથી ના કરવામાં આવે એ માટે નજર રાખવામાં આવશે. લોકસભાની ચૂંટણીને લઈને આદર્શ આચાર સહિતા અમલી છે ત્યારે બનાસકાંઠાની બોર્ડર ઉપર પોલીસનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ છે. અમીરગઢ. પાંથાવાડા. થરાદ અને સરહદ છાપરી બોર્ડર પર પોલીસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ છે. ઘાતક હથિયારો કેફી દ્રવ્યો અને માદક પીણા રાજસ્થાનમાંથી ગુજરાતમાં ન પ્રવેશે જેને લઈને પોલીસ તમામ વાહનોનું ચેકિંગ કરી રહી છે.

### રાજ્ય પોલીસ વડાએ બિરદાવ્યા બાદ મોટી કાર્યવાહી થઇ

# મોરબીમાં દોઢ કરોડનો દારૂ પકડાયા બાદ બે પીઆઇને સસ્પેન્ડ કરાયા

### ૧.૫૧ કરોડના દારૂ સહિત અન્ય મુદ્દામાલ મળીને કુલ ૨ કરોડ રૂપિયાથી વધુનો જથ્થો જપ્ત કરાયો હતો

। (એજન્સી) મોરબી, તા.૨૭ ।

મોરબીના લાલપર ગામે પકડાયેલા દોઢ કરોડના દારૂ કેસમાં મોટી કાર્યવાહી થઈ છે. મોરબીના બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે સ્ટેટ મૉનિટરિંગ સેલની કામગીરીને રાજ્ય પોલીસ વડાએ બિરદાવ્યા બાદ મોટી કાર્યવાહી થઈ છે. મોરબીના લાલપરના એસએમસી દ્વારા દરોડા પાડીને દોઢ કરોડનો દારૂ પકડી પાડવામાં આવ્યો હતો. આ પછી પોલીસ વડાએ વિકાસ સહાયે સોશ્યલ મીડિયા કરીને આ કાર્યવાહીને બિરદાવવામાં આવી હતી, આ ઘટનાને પગલે હવે મોરબીના ડીએમ ઢોલ અને ખુમાનસિંહ વાળા એમ બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મોરબીના લાલપર ગામે પકડાયેલા દોઢ કરોડના દારૂ કેસમાં મોટી કાર્યવાહી થઈ છે. મોરબીના બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. દોઢ કરોડથી વધુના દારૂ કેસમાં આ કાર્યવાહી કરવામા આવી છે. એસએમસીએ લાલપર ગામે બાતમીના આધારે દરોડાની કાર્યવાહી કરી હતી, જેમાં ૧.૫૧ કરોડના દારૂ સહિત અન્ય મુદ્દામાલ મળીને કુલ ૨ કરોડથી વધુનો જથ્થો જપ્ત કરાયો હતો. આ કાર્યવાહી બાદ પોલીસ વડા વિકાસ સહાયે પણ પ્રસંશા કરી હતી. હવે આ મામલે મોરબીના બે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એલસીબી પીઆઇ ડીએમ ઢોલ અને મોરબી તાલુકા પીઆઇ ખુમાનસિંહ વાળાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, મોરબીમાં એસએમસીની દરોડા કાર્યવાહીને પોલીસ વડા વિકાસ સહાયે બિરદાવી છે, તેમને એક સોશ્યલ મીડિયા પૉસ્ટ કરીને અભિનંદન પણ પાઠવ્યા હતા. ગુજરાતમાં અત્યારે ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે દારૂની હેરાફેરી પણ શરૂ થઈ હોય તેમ લાગી રહ્યું છે. હાલમાં જ સુરેન્દ્રનગર જિલ્લામાથી મોટી માત્રામાં વિદેશી દારૂ ભરેલું ટેક્ર પોલીસે પકડ્યુ છે. આ ટેક્રમાં અંદાજિત ૫૯ લાખ રૂપિયાથી પણ વધુનો ૯૦૦ પેટી વિદેશી દારૂ હોવાનું ખુલ્યુ છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.



ઉનાળાની શરૂઆતમાં જ મેમનગર લેક સુકાઈ ગયું છે.

### લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઇ રહી છે

# ભાજપમાં આવેલા સીજે ચાવડાને ટિકિટ આપતા કાર્યકર્તામાં નારાજગી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ રહી છે. જેને લઈ ભાજપે વિજાપુર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સીજે ચાવડાને ટિકિટ આપી છે. સીજે ચાવડાને મેદાને ઉતારતા જ સ્થાનિક ભાજપમાં ભડકાની સ્થિતિ જોવા મળી રહી છે. કોંગ્રેસમાંથી રાજીનામું ધરીને ફરીથી વિધાનસભાની ચૂંટણીમાં ઉતરેલા સીજે ચાવડા સામે રોષ જોવા મળ્યો છે. વિજાપુર વિધાનસભાની બેઠક માટેની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે સીજે ચાવડાને જાહેર કરવામાં આવ્યા છે. આ દરમિયાન હવે સીજે ચાવડા સામે વિરોધના સૂર જોવા મળી રહ્યા છે. સીજે ચાવડાને ટિકિટ આપવાને લઈ કુકરવાડાના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ગોવિંદ પટેલે રાજીનામુ ધર્યુ છે.મહેસાણા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન રહી ચૂકેલા ગોવિંદ પટેલે ભાજપમાંથી રાજીનામું ધરીને વિરોધ દર્શાવ્યો છે. ભાજપની વિચારધારા ના હોય એવા લોકોને ઉમેદવાર તરીકે ઉતાર્યાનો રોષ ઠાલવ્યો છે. ગોવિંદ પટેલે મીડિયાને જણાવ્યુ હતુ કે, તેઓએ ખૂબ મનોમંથન કર્યા બાદ આ નિર્ણય કર્યો છે અને હજુ વધુ લોકોના રાજીનામા પડશે.

# પાંજરાપોળ વિસ્તારમાં હેડ કોન્સ્ટેબલ વાહન સાથે ટક્કર વાગતા બેભાન થયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

આજરોજ આઈ ડિવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન તા.૨૭/૩/૨૦૨૪ સવારની શિફ્ટ માં પાંજરાપોળ ચાર રસ્તા એસ.પી.રીંગ રોડ ખાતે હેડકોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ કાળુંસિંહ બેભાન થયા. હેડકોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ કાળુંસિંહનો બેચ નંબર ૬૦૨૭ છે. તેઓ અન્ય કોન્સ્ટેબલ ખુમાનસિંહ દાનાભાઈ, પોકો વિક્રમસિંહ રાજભાઈ, તથા દશરથજી રાજેશકુમાર વગેરે સ્ટાફના માણસો સાથે પાંજરાપોળ ચાર રસ્તા ખાતે ફરજ ઉપર હાજર હતા.દરમિયાન સવારે ૧૦.૧૫ વાગ્યાના અરસામાં એક આઈસર ગાડી નંબર HR-39-E8916 ઓઢવ તરફથી વસ્ત્રાલ મેઈન રોડ તરફ જઈ રહી હતી. એ જ સમયે એક કાકા જેમનું નામ મહેશકુમાર જાની અને ઉંમર વર્ષ ૪૮ છે તેઓ પોતાના સફેદ કલરની એકટીવા ગાડી લઈ ઓઢવ તરફથી સર્વિસ રોડ થઈ પાંજરાપોળ ચાર રસ્તા તરફ આવી રહ્યા હતા. ત્યારે પાંજરાપોળ ચાર રસ્તા ખાતે ઉપરોક્ત આઈસર ગાડી સાથે ટક્કર વાગતા રોડ ઉપર પડી જતા તેમને જમણા હાથે તેમ જ શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ થઈ બેભાન થઈ ગયા હતા.

કોન્સ્ટેબલના શ્વાસ બંધ થયા તેમજ ગંભીર ઈજાપામતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી. એમ્બુયલન્સ આવે ત્યાં સુધી ચાર રસ્તા પર હાજર ટ્રાફિક પોલીસ દ્વારા કોન્સ્ટેબલને સી.પી.આર આપતા શ્વાસ ચાલુ થઈ ગયા. છતાં તેમને વધુ સારવાર માટે ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા. હાલ હેડકોન્સ્ટેબલ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર




ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨